
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol - 5 Issue - 2
NOVEMBER - 2005

નવેમ્બર – ૨૦૦૫

આત્મ સંવત : ૧૧૧
વીર સંવત : ૨૫૩૨
વિક્રમ સંવત : ૨૦૬૨
પુસ્તક : ૧૦૨

दुःखं संगेऽप्यसंगेऽपि मनोव्याकुलता सदा ।
रागादिदोषसंवृद्धिः सत्त्वनाशश्च मोहतः ॥

મોહદશાનાં પરિણામ આ છે; મોહનો વિષય પાસે હોય તોયે દુઃખ,
દૂર હોય તોયે દુઃખ, અને મનનું હમેશાં વ્યાકુલપણું,
રાગ - દ્વેષ વગેરે દોષોની વૃદ્ધિ અને સત્ત્વનો નાશ
(બળનો નાશ, ગૌરવનો નાશ, નિસ્તેજપણું.)

It is owing to Moha that a person is pained when his desired object is either near or remote, his mind always remains dejected or afflicted, his evil passions are increasing and his Sattva (power, dignity or lustre) is being destroyed.

*(કલ્યાણભારતી ચેપ્ટર - ૩, ગાથા : ૬, પૃષ્ઠ - ૪૦)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનુમોદના સહ ઋણસ્વીકાર

શ્રી જૈન આત્માનંદ સભાની માલિકીના આ બિલ્ડીંગને વર્ષો થઇ જવાથી રીપેરીંગ અને રીનોવેશનની સખત જરૂરીયાત હતી. ભૂકંપના કારણે બિલ્ડીંગની હાલત જર્જરીત થઇ જવાના કારણે મકાન રીપેરીંગની સખત જરૂરીયાત ઊભી થઇ હતી. ટ્રસ્ટીગણ આ વાતથી ચિંતિત હતા. આ બાબતે ટ્રસ્ટીઓનો વિચાર વિમર્શ ચાલુ હતો. સભાના માનદ્ મંત્રી શ્રી મનહરભાઇ મહેતાએ આ બાબતનો અંદાજિત ખર્ચ પણ કોન્ટ્રાક્ટરો દ્વારા કઢાવતા રૂા.ચાર લાખનો ખર્ચ થવાની સંભાવના હતી. આ ખર્ચના આયોજન માટે પ.પુ.મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.ના ગત કુંભણ મુકામે ચાતુર્માસ દરમ્યાન ટ્રસ્ટીગણ પુજયશ્રીને વંદનાર્થે જઇ પૂ.ગુરૂદેવશ્રીને ઉપરોક્ત બાબતે વાકેફ કરતા પુજયશ્રીની પ્રેરણા તથા શ્રી શાંતિભાઇ મહેતા (જેસરવાળા) ના પ્રયત્નોથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી - અમદાવાદ તરફથી રૂા.ત્રણ લાખ જેવી માતબર રકમ આ સંસ્થાને મકાન રીપેરીંગ માટે પ્રાપ્ત થઇ છે. તેમજ પુજયશ્રીની પ્રેરણાથી શાંતાક્રુઝ તપાગચ્છ જૈન સંઘ તરફથી રૂા.એક લાખ તથા કિશોર સંઘવી (પ્રા.) રીલીજીયસ ટ્રસ્ટ તરફથી રૂા.એકાવન હજાર આ સભાને અનુદાન રૂપે પ્રાપ્ત થયેલ છે.

આ સંસ્થાના લાઇબ્રેરી વિભાગના પુસ્તકોની સંભાળ માટે સ્ટીલના કબાટોની તથા ખુરશીઓની જરૂરીયાત હતી. માનદ્ મંત્રીશ્રી મનહરભાઇ મહેતાના પ્રયત્નથી સ્ટીલના કબાટો શ્રી પોપટલાલ નાગરદાસ મહેતા પરિવાર હ.નિશીથભાઇ મહેતા (સભાના પેટ્રન મેમ્બરશ્રી) પરિવાર તરફથી તથા ચાર સ્ટીલના કબાટ તથા પચ્ચીસ ખુરશીઓ ડો.શ્રી રમણીકલાલ જેઠાલાલ મહેતા પરિવાર તરફથી આ સભાને ભેટ મળેલ છે. તેમજ આઠ કબાટો ઉપર નામ આપવાનું અનુદાન શ્રીમતી સાવિત્રીબેન રમણિકલાલ મહેતા પરિવાર તરફથી મળેલ છે.તેમજ અમદાવાદ નિવાસી શ્રીયુત સુરેશભાઇ રતિલાલ ચાલીસ હજાર તરફથી રૂા.વીસ હજાર સભા નિભાવ ફંડ ખાતે આ સભાને પ્રાપ્ત થયેલ છે. જેનો આ સભા અનુમોદના સહ ઋણ સ્વીકાર કરી દાતાશ્રીઓનો આભાર માને છે. તેમજ આવા ઉમદા સદ્દકાર્યોમાં સહકાર મળતો રહે તેવી અપેક્ષા રાખે છે.

માનદ્મંત્રી

## નૂતન વર્ષાભિનંદન

આજના મંગલમય પ્રભાતથી શરૂ થતું નૂતન વર્ષ આપના જીવનમાં માનવતા અને જીવ માત્ર પ્રત્યે સ્નેહભાવની જયોત પ્રગટાવે...આપની શુભ ભાવનાઓ, શુભ સંકલ્પો અને રિધ્ધિ-સિધ્ધિના ગુલાબી સ્વપ્નો સાકાર બનો એવી વીર પ્રભુ પાસે વિનમ્ર પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન.

**: શુભેચ્છક :**

**શ્રી જૈન આત્માનંદ સભા**

ખારગેઇટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧

ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : જસવંતરાય સી. ગાંધી

## અનુક્રમણિકા


(૧) નૂતન વર્ષના મંગળ પ્રભાતે...
જસવંતરાય સી. ગાંધી ૨

(૨) બુદ્ધિ અને જ્ઞાનનો અહંકાર
મહેન્દ્ર પુનાતર ૪

(૩) ઘંટાકર્ણ દાદાનું સ્થાનક - મહુડી
યશવંત કડીકર ૭

(૪) નિર્યામણા કોને કહેવાય
આ.શ્રી વિજય કીર્તિયશસૂરિજી મ. ૯

(૫) શ્રાવકના બાર વ્રતો
સંકલન : આર. ટી. શાહ ૧૧

(૬) પં.શ્રી ભદ્રંકરવિજયજીના પ્રવચનો :
પં.શ્રી ભદ્રંકરવિજયજી મ. ૧૪

(૭) સો પુસ્તકોના પ્રસિદ્ધ સર્જક
ભૂધરભાઈ વોરા ૧૬

(૮) સમાચાર સૌરભ ૧૯

(૯) જીવદયા - વૈયાવચ્ચ - તીર્થરક્ષા
નગીનદાસ જે. કપાસી ૨૩


ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર


**: સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) જસવંતરાય સી. ગાંધી — પ્રમુખ
(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત — ઉપપ્રમુખ
(૩) ભાસ્કરરાય વી. વકીલ — ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કેશવલાલ મહેતા — માનદ્‌મંત્રી
(૫) મનીષકુમાર આર. મહેતા — માનદ્‌મંત્રી
(૬) મનહરલાલ વી. ભંભા — માનદ્‌મંત્રી
(૭) હસમુખલાલ જયંતીલાલ શાહ — ખજાનચી


* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**: શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૩૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૧૦૦૦=૦૦
અડધુ પેઈજ રૂા. ૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૨૫૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજુ ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *


**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.
ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

- જસવંતરાય સી. ગાંધી

શ્રી આત્માનંદ પ્રકાશ માસીક (હાલ ત્રિમાસીક) ૧૦૨ વર્ષ પુરા કરી ૧૦૩માં વર્ષમાં પ્રવેશ કરે છે. તથા શ્રી જૈન આત્માનંદ સભા એકસો નવ વર્ષ પુરા કરી એકસો દસમાં વર્ષમાં પ્રવેશ કરે છે જે આપણા સૌના માટે આનંદ અને ગૌરવની વાત છે.

અમે આ ત્રિમાસીકમાં વિદ્વાન પૂ. ગુરૂ ભગવંતોના લેખો, જૈન ધર્મના તત્વજ્ઞાનના લેખો, વિદ્વાન લેખક - લેખિકાઓ તેમજ પ્રાધ્યાપકો તરફથી આવેલા લેખો, સ્તવનો, પ્રાર્થના ગીતો, જૈન સાહિત્ય અને ઈતિહાસના લેખો, વ્યકિત ભાવના લેખો તથા ભાવનગરમાં પધારેલા પ.પૂ. ગુરૂ ભગવંતોની શુભ નિશ્રામાં ઉજવાયેલા ધાર્મિક અનુષ્ઠાનો - આરાધનાઓ, ધાર્મિક મહોત્સવો વિગેરેની માહિતીઓ સમયાનુસાર પ્રગટ કરતાં રહીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા થતી અન્ય માનદ્ પ્રવૃત્તિઓ તરફ જરા એક નજર કરીએ :

શ્રી જૈન આત્માનંદ સભા સાહિત્ય તેમજ ભારતીય સમગ્ર દાર્શનિક સાહિત્યના પ્રકાશન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. આગમ સંશોધક પ.પૂ. વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે ચાલીશ વર્ષથી અથાગ પરિશ્રમ ઉઠાવીને સંશોધન કરેલ અને સંપાદિત કરેલ 'શ્રી દ્વાદશારં નયચક્રમ' ના ત્રણ ભાગોનું આપણી સંસ્થાએ પ્રકાશન કરેલ છે. જેની દેશ - પરદેશ જેવા કે જાપાન, જર્મની, ઓસ્ટ્રેયા, અમેરિકા વિગેરે દેશોમાં સારી માંગ છે. તેના પહેલા ભાગનું પુનઃમુદ્રણ પણ કરવામાં આવેલ છે. તેમજ પ.પૂ. વિદ્વાન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે સંપાદિત કરેલ 'ઠાણાંગ સૂત્ર' ના બે ભાગોનું પ્રકાશન પણ કરવામાં આવેલ છે. તેમજ હાલમાં પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. દ્વારા સંપાદિત થયેલ શ્રી સિદ્ધહેમ શબ્દાનું શાસનમ્, સ્થાનાંગ સૂત્રમ્ (ભાગ-૩), ગુરૂવાણી ભાગ ૧-૨, હિમાલયની પદયાત્રા (ગુજરાતી તેમજ હિન્દી) આદિનું પ્રકાશન કાર્ય કરવામાં આવેલ છે. જે શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર ખાતેથી ઉપલબ્ધ થઈ શકે છે.

પૂ. પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા. ની પ્રેરણાથી "શ્રી બૃહદ્ કલ્પસૂત્રમ્" સંસ્કૃત ભાષામાં ભાગ ૧ થી ૬ નું પુનઃ પ્રકાશન કરવામાં આવેલ છે. તેમજ સભા દ્વારા પૂર્વ પ્રકાશિત 'શ્રી ઉપદેશમાળા ભાષાંતર' નું પણ પુનઃ પ્રકાશન કરવામાં આવેલ છે. ઉપરોક્ત બન્ને અમૂલ્ય ગ્રંથો સભાના કાર્યાલય વિભાગમાં વેચાણથી ઉપલબ્ધ છે.

આ ઉપરાંત અનેક પૂ.ગુરૂભગવંતશ્રીઓની પ્રેરણાથી અમૂલ્ય ગ્રંથો આ સભાના ગ્રંથ ભંડારને ભેટ સ્વરૂપે મળતા રહે છે. આવા અમૂલ્ય ગ્રંથોથી આજે આ સભાનો ગ્રંથભંડાર સમૃદ્ધ બની રહ્યો છે. જે બદલ અમારા આ માનદ્ સેવાના કાર્યમાં જે જે પૂ. ગુરૂ ભગવંતો, સંસ્થાઓ તથા જ્ઞાન ભંડારો અમોને સહયોગી થયેલ છે. તે સૌનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ સભા પોતાની માલિકીના વિશાળ મકાનમાં 'ડૉ.શ્રી રમણિકલાલ જેઠાલાલ મહેતા તથા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમતી સાવિત્રીબેન રમણીકલાલ મહેતા લાઈબ્રેરી હોલ'માં જાહેર ફી વાંચનાલય ચલાવે છે. જેમાં સ્થાનિક ભાવનગર, રાજકોટ, અમદાવાદ તેમજ મુંબઈના દૈનિક વર્તમાન પત્રો, તેમજ જૈન ધર્મના અઠવાડિકો, માસીકો આદિ વાંચન અર્થે મુકવામાં આવે છે. જેનો જૈન જૈનોત્તરો બહોળા પ્રમાણમાં લાભ લે છે. સંસ્થા દ્વારા લાઈબ્રેરી પણ ચલાવવામાં આવે છે. જેમાં જૈન ધર્મના પુસ્તકો, પ્રતો, સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ગુજરાતી પુસ્તકો તથા નોવેલોનો સમાવેશ થાય છે. આ પુસ્તકોનો લાભ પૂ. ગુરૂ ભગવંતો અને સાધ્વીજી મહારાજ સાહેબો ચાતુર્માસ દરમ્યાન જ્ઞાનાભ્યાસ તેમજ વ્યાખ્યાન સમયે પ્રવચનાર્થે સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે. જૈન તેમજ જૈનત્તર ભાઈ - બહેનો પણ સારા પ્રમાણમાં આ લાઈબ્રેરીનો ઉપયોગ કરી રહ્યાં છે.

**ધાર્મિક પ્રવૃત્તિઓ :-** વખતો વખત યાત્રા પ્રવાસોનું આયોજન સભા દ્વારા કરવામાં આવે છે. જેમાં સભાના સભ્યશ્રી ભાઈ - બહેનો, ડોનરશ્રીઓ તથા મહેમાનો સારી એવી સંખ્યામાં જોડાય છે. યાત્રા પ્રવાસ, પંચ તીર્થીમાં ગુરૂ ભક્તિ તથા સ્વામી ભક્તિનો અનેરો લાભ લેવામાં આવે છે.

**અન્ય પ્રવૃત્તિઓ :-** વિ. સં. ૨૦૬૧ ના કારતક સુદ પાંચમને મંગળવાર તા.૧૬-૧૧-૦૪ ના રોજ સભાના વિશાળ લાઈબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી કરવામાં આવી હતી. સવારના છ વાગ્યાથી રાત્રિના નવ વાગ્યા દરમ્યાન અનેક સાધુ - સાધ્વીજી ભગવંતો સકળ શ્રી સંઘના શ્રાવક - શ્રાવિકા ભાઈ - બહેનો તથા નાના - નાના બાલક - બાલિકાઓ હોંશ પૂર્વક જ્ઞાનની ગોઠવણી નિહાળવા, તેમજ દર્શન વંદન અને જ્ઞાન પૂજનનો અમૂલ્ય લ્હાવો લીધો હતો.

**કેળવણી વિષયક પ્રવૃત્તિઓ :-** શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગરના ઉપક્રમે અને ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશન ટ્રસ્ટ, ઘાટકોપર, ઈસ્ટ, મુંબઈના સહયોગ થી તા.૨-૧૦-૦૪ ને શનિવારના રોજ કોલેજમાં અભ્યાસ કરતાં ૩૧ વિદ્યાર્થી ભાઈ - બહેનોને શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવી હતી.

**સંસ્કૃત પારિતોષિક :-** સુરત નિવાસી શેઠશ્રી ચંપકલાલ મગનલાલ વોરા તરફથી ધો. ૧૦ ના ૪૦ તથા ધો. ૧૨ ના ૪ મળી કુલ ૪૪ વિદ્યાર્થી ભાઇ- બહેનોને રોકડ રકમ, મોમેન્ટો, પુજા બેગ તથા પૂ.જંબૂવિજયજી મ.સા. લિખિત હિમાલયની પદયાત્રા બુક અર્પણ કરવામાં આવેલ. ધો.૧૦માં બોર્ડમાં તૃતિય અને ભાવનગર કેન્દ્રમાં પ્રથમ આવનાર સંકેત મનીષભાઇ વકીલને બહુમાનપુર્વક રૂા.૫૦૦૦/- સભાના પેટ્રન મેમ્બર તથા સભાના બહુમાન સમારંભના અતિથિ વિશેષશ્રી નિશીથભાઇ મહેતા તરફથી અર્પણ કરવામાં આવેલ. સભાના માનદ્મંત્રીશ્રી મનહરભાઇ મહેતા તરફથી રૂા.૨ નું સંઘપુજન કરવામાં આવેલ. તેમજ આ સભાના કારોબારીના સભ્યશ્રી નિરંજનભાઇ સંઘવી (કમલ ઇન્ડસ્ટ્રીઝવાળા) તરફથી આકર્ષક બોલપેન અર્પણ કરવામાં આવેલ.

આ સભાના પ્રગતિમાં પ.પૂ.ગુરૂભગવંતો, પ.પૂ.સાધ્વીજી મહારાજો વિદ્વાન લેખક- લેખિકાઓ, પેટ્રન મેમ્બર તથા આજીવન સભ્યશ્રીઓ તથા સખીદીલ દાતાશ્રીઓ વિગેરેએ જે સાથ-સહકાર આપેલ છે. તથા સભાના હોદ્દેદારો તથા કારોબારીના સભ્યશ્રીઓએ અમારી સાથે રહી સભાના વિકાસમાં સહયોગી થયા છે તે સર્વેનો ખુબ જ આભાર માનવામાં આવે છે.

આપ સર્વેનું જીવન આનંદ અને ઉલ્લાસપૂર્વક વૃધ્ધિવંત બને તેવી પ્રભુ પાસે પ્રાર્થના અને શુભેચ્છાઓ સહ નૂતન વર્ષાભિનંદન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બુદ્ધિ અને જ્ઞાનનો અહંકાર વધુ ખતરનાક

લેખક : મહેન્દ્ર પુનાતર

કેટલાક માણસો પોતાને સર્વજ્ઞ માનતા હોય છે અને દરેક બાબતમાં જરૂર હોય કે ન હોય માથું મારતા હોય છે. જાણકારી હોય કે ન હોય અભિપ્રાયો અને સલાહ આપવા બેસી જાય છે અને આ સલાહ આપણા ભલા માટે છે એવું ઠોકી ઠોકીને કહેતા હોય છે અને આપણે આ વાતને અનુસરીએ એવો તેમનો આગ્રહ હોય છે.

'હુ નથી જાણતો, મને આ બાબતમાં જ્ઞાન નથી' એમ કહેવું બહુ મુશ્કેલ છે. મોટાભાગના લોકોની એવી માન્યતા હોય છે કે તેઓ બધું જ જાણે છે. જે લોકો બધું જાણતા હોવાનો ડોળ કરે છે તેમને સાચી વાત સમજાવવી બહુ મુશ્કેલ છે. તેઓ બીજાની વાત માનવા તૈયાર હોતા નથી અને કંઇક ઊંધુ-ચત્તુ થાય તો તેઓ ફેરવી તોળે છે.

કુટુંબ, સમાજ અને જુદા જુદા ક્ષેત્રોમાં આવા દોઢ ડાહ્યા માણસોનો તોટો નથી. આવા જીદ્દી અને હઠાગ્રહી માણસો કેટલીક વખત ઉંધુ વેતરી નાખે છે.

હું કાંઇક છું, હું બધુ જાણું છુ, હું ડાહ્યો છું, બીજાથી શ્રેષ્ઠ છું. એ માણસનો અંહકાર છે અહંકારના પડળો માણસને સત્યથી દૂર રાખે છે. માણસ નમ્ર અને નિખાલસ બને, નવું જાણવાની જિજ્ઞાસા રાખે અને પોતાનું જ્ઞાન અલ્પ છે એમ સમજે એ જીવનમાં કાંઈક શીખી શકે છે. અને જ્ઞાન મેળવી શકે છે. કેટલાક માણસોને થોડું જ્ઞાન હોય તો તે પોતાને મહાન જ્ઞાની સમજી બેસે છે. બુધ્ધી અને જ્ઞાનનો અહંકાર ધન અને પદના અહંકાર કરતા વધુ ખતરનાક છે.

સમાજ, ધર્મ અને શિક્ષણના ક્ષેત્રમાં આવા અધકચરૂં જાણનારા લોકો બીજાને ઊંધા રવાડે ચડાવતા હોય છે. આપણે ગમે તેટલા જ્ઞાની અને જાણકાર માણસ હોઇએ તો પણ આપણું જ્ઞાન સિમિત છે, મર્યાદિત છે. અનુભવ એ સૌથી મોટું જ્ઞાન છે. પરંતુ દરેક બાબતમાં આપણે અનુભવ કરી શકવાના નથી અને એટલો સમય પણ આપણી પાસે નથી. બીજાના અનુભવ પરથી પણ આપણે શીખવાનું રહે છે. અનુભવ પરથી આપણે શીખતા નથી તો સમય આપણને શીખવાડી દે છે. અજ્ઞાની કરતાં યે આવા અડધા ડાહ્યા માણસો સમાજને વધુ નુકસાન પહોચાડતા હોય છે. આ અંગે એક નાની દ્રષ્ટાંત કથા સમજવા જેવી છે.

ગામમાં એક આંધળો રહેતો હતો. ગામમાં તે આમથી તેમ ફરી શકતો હતો. ગામની તેને પુરેપુરી માહિતી હતી. આંખ ન હતી પરંતુ ગામમાં એ કદી ભૂલો પડતો નહીં. આવી આવડતથી તેના અહંકારનો પારો ઊંચો ચડી ગયો હતો. તેને એમ હતું કે પોતે ધારે ત્યાં જઇ શકે છે અને ફરી શકે છે. બીજા કરતાં વધુ સમજદાર અને હોશિયાર છે.

ગામમાં બીજા કેટલાક આંધળાઓ પણ હતા. તેમણે એક દિવસ એવી ઇચ્છા વ્યકત કરી કે આમ ગામમાં ને ગામમાં પડી રહેવાથી શું દહાડો વળશે. આપણે તો અંધ આંખે દુનિયા જોવી છે.

પેલો જાણકાર આંધળો કહે ચિંતા ન કરો હું તમને દુનિયા દેખાડીશ. તમે મારી પાછળ પાછળ ચાલ્યા આવજો.

એક જણે કહ્યું, 'કયાંક ઊંધુ તો નહી મારોને ?'

ડાહ્યો આંધળો કહે અત્યાર સુધી એવું બન્યું છે. ગામમાં ક્યાંય મને એક ઠોકર પણ વાગી છે ? ગામમાં ભલે લોકો મારી હાંસી ઉડાવે પણ મારા જેવો જાણકાર માણસ ગામમાં કોઇ નથી. તમને મારામાં ભરોસો હોય તો ચાલો હું તમને નવી દુનિયાના દર્શન કરાવું.

એકબીજાના ટેકે આંધળાની ટોળી આગળ ચાલી, જયાં સુધી ગામની હદ હતી ત્યાં સુધી તો વાંધો ન આવ્યો. ડાહ્યો ચાલતો જાય છે અને બીજાને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂછતો જાય છે ભાઇ કાંઇ તકલીફ પડી ? સાથે રહેલા આંધળાઓ કહે ના, તમે તો સાચે જ દેખતા લાગો છો.

પણ જેવી ગામની સીમા ઓળંગી કે બધા ઠેબે ચડવા લાગ્યા સાથે રહેલાઓએ ફરિયાદ શરૂ કરી.

ડાહ્યો કહે ભાઇ હું તો જાણકાર છું પણ આ રસ્તો જ એવો છે. જયાં દુનિયા ખાડા ટેકરાવાળી હોય ત્યાં આપણે કરીએ શું ?

આંધળાઓ તેને ભરોસે આગળ ચાલ્યા પણ જાણકાર આંધળો ગામનો જાણકાર હતો બહારનો નહી.

એક ઊંડો ખાડો આવતા તે ખાડામાં પડયો અને બીજાઓને પણ સાથે લેતો ગયો.

ઓછું જાણતો માણસ વધારે જાણકારી હોવાની ડીંગ મારે છે અને દુનિયાએ રાહ બતાવવા નીકળે છે ત્યારે આવી હાલત થાય છે એટલે તો કહેવત છે કે 'ગામનો આંધળો ગામ બતાવે દુનિયા નહી.'

દરેક ક્ષેત્રમાં આવા આંધળા માણસો પડ્યા છે. આવા આગેવાનો આખા કટકને ઠેબે ચડાવતા હોય છે. તેમને હા જી હા કરનારા માણસો મળી રહે છે. કેટલાક પાખંડી ધર્મગુરૂઓ પણ લોકોને ઊંધા રવાડે ચડાવતા હોય છે. 'જેનો સેનાપતિ આંધળો તેનુ લશ્કર ખાડામાં.'

આ જગતમાં કોઇ માણસ સર્વજ્ઞ નથી. દરેકની પોતાની મર્યાદા છે. કોઇપણ વસ્તુની આપણી જાણકારી સંપૂર્ણ નથી. દરેક વસ્તુને આપણે આપણી રીતે જોતા હોઇએ છીએ.

આજે આવા ડાહ્યા માણસો દુનિયાને સુધારવા માટે મથી રહ્યા છે, પરંતુ તેઓ ખુદ સુધર્યા નથી. જાતને સુધારવાનું મુશ્કેલ છે. સલાહ આપવી સહેલી છે પણ સ્વીકારવી કઠિન છે. દુનિયામાં કોણ ખરાબ છે અને કોણ સારૂં છે તેની મથામણ કરતા પહેલા આપણે શું છીએ, આપણે કેવા છીએ તે તરફ દ્રષ્ટિ રાખવી જોઇએ. બીજાની ટીકા અને નિંદા કરીએ ત્યારે એ બાબતનો ખ્યાલ કરવો જોઇએ કે તેની સરખામણીમાં આપણે કેવા છીએ. 'અન્યનું તો એક વાંકુ આપણા તો અઢારે અઢાર વાંકા' કબીરે જેમ કહ્યું છે તેમ 'બુરા દેખન મેં ચલા, બૂરા ન મિલા કોઇ, જો દિલ ખોજા અપના, મુઝસા બુરા ન કોઇ.'

આપણે શું છીએ તે જાણવાનો પ્રથમ પ્રયાસ કરવો જોઇએ. સ્વંયને જાણ્યા વગર દુનિયાને જાણી શકાય નહી. આપણે આપણા વિશે શું ધારીએ છીએ તે મહત્વનું નથી પણ બીજાઓ આપણા માટે શું ધારે છે તે વધુ મહત્વનું છે.

એક વૃધ્ધ ઋષિને કોઇએ પુછ્યું કે સંસારની બધી વસ્તુઓમાં સોથી મોટી વસ્તુ કઇ ? ઋષિએ કહ્યું આકાશ કારણ કે જે કાંઇ છે તે આકાશના ઘેરાવામાં સમાયેલું છે. પરંતુ સ્વયં આકાશ કશામાં નહી.

બીજો પ્રશ્ન પુછાયો સૌથી શ્રેષ્ઠતમ શું છે ? ઋષિએ કહ્યું માણસનું ચારિત્ર. આ માટે બધુ ન્યોછાવર કરવું પડે છે. ત્રીજો પ્રશ્ન સૌથી ગતિવાન શું છે ? ઋષિએ કહ્યું વિચાર. ચોથો પ્રશ્ન સૌથી વધુ સહેલું શું છે ? તેમણે કહ્યું ઉપદેશ. પાંચમો પ્રશ્ન શું પ્રાપ્ત કરવાનું સૌથી વધારે મુશ્કેલ છે ? ઋષિએ કહ્યું આત્મજ્ઞાન.

આત્મજ્ઞાન, સ્વયંનું જ્ઞાન મેળવવું બહુ કઠિન છે. આ માટે અહંકારને ઓગાળી નાખવો પડે. અભિમાન અને અહંકાર હોય ત્યાં સુધી સાચી વાત સમજાય નહી. સત્યને બીજે ક્યાંય શોધવાની જરૂર નથી તે આપણી અંદર છે. કસ્તુરી મૃગ કસ્તુરીની શોધમાં ભટકયા કરે તેમ આપણે સત્યને બહાર શોધી રહ્યાં છીએ.

સત્યને આપણે બહાર ગમે તેટલું શોધીએ તે મળવાનું નથી. સત્ય શોધવાથી નહી જાગવાથી મળે છે. જયાં સુધી માણસ જાગૃત ન બને ત્યાં સુધી આત્મદર્શન દુર્લભ છે. સ્વયંને અને સત્યને જાણ્યા વગર આત્માને ઓળખી શકાય નહી અને પરમાત્મા સુધી પહોચી શકાય નહી.

**(મુંબઇ સમાચાર તા. ૬-૨-૦૫ ના જિનદર્શન વિભાગમાંથી આભાર)**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## આટલું જરૂર યાદ રાખશો...

હા, રેલ્વેના ટાઈમ ટેબલમાં ફેરફાર થઈ શકે છે, જમ્બો જેટ પ્લેન લેઈટ આવી શકે છે, ટપાલ કે ટેલીગ્રામ ગેરવલ્લે જઈ શકે છે, દૂધવાળો, છાપાવાળો કે કપડાવાળો કદાચ સમયમાં ગરબડ કરી શકે છે પણ યાદ રાખજો કે યમરાજના આગમનમાં કોઈ ફેરફાર થતો નથી. મૃત્યુ તો નિશ્ચિત સમયે જ આવે છે.

**મેસર્સ સુપર કાસ્ટ**

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર.

**Manufacturer's of C.I. Casting. Ph. : 2445428 - 2446598**

**Mfrs. of Audio Cassettes & Components**
**And Compect Disc Jewel Boxes**

**JET ELECTRONICS**

Cassette House
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire Force Station,
DAMAN (U.T.) - 396210.



Tel. : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 663
Email : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**

48, Pravasi Ind. Est.
Goregoan (E)
MUMBAI - 400 069



Tel. : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
Email : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રધ્ધા અને આસ્થાનું પરમ તીર્થધામ શ્રી ઘંટાકર્ણ દાદાનું સ્થાનક : મહુડી

- યશવંત કડીકર

ગુજરાતમાં ગાંધીનગર પાસે આવેલું વિજાપુર તાલુકાનું મહુડી તીર્થધામ તો દેશ-પરદેશના લોકો માટે શ્રધ્ધાનું ધામ બની ગયું છે. આમ તો તીર્થની ઓળખ જૈન ધર્મના તીર્થ તરીકે આપવામાં આવે છે. પરંતુ અહી તો દાદા ઘંટાકર્ણવીરના દર્શન માટે દરેક કોમના ભાવિક ભકતો આવે છે. અને શ્રધ્ધાપૂર્વક દાદા ઘંટાકર્ણ વીરના દર્શન કરી, સુખડીનો પ્રસાદ ધરાવી, દાદાની કૃપાથી પોતાની મનોકામના પૂર્ણ કરે છે.

આમ તો જૈનશાસનના ધર્મ સંરક્ષક એવા બાવન વીર પૈકીના ત્રીસમા વીર તરીકે જાણીતા દાદા ઘંટાકર્ણ વીર લોકકલ્યાણના દેવ છે.

મહુડીનું આ એક માત્ર જૈન તીર્થ છે જયાં સુખડીનો નૈવેદ્ય ધરાવવામાં આવે છે. અને નૈવેદ્યના પ્રસાદની વિશિષ્ટતા એ છે કે અહીનો પ્રસાદ મંદિરના આંગણની બહાર લઇ જવામાં આવતો નથી. અને એ માટે એવી માન્યતા છે કે જો પ્રસાદ બહાર લઇ જવામાં આવે તો એના ઉપર અણધારી આફત ઉતરે છે. આ ભય પણ પ્રસાદ બહાર ન લઇ જવાનું કારણ છે. અને આપણા સંત કવિ તુલસીદાસે કહ્યું છે કે ''ભય બીન પ્રીત ન હોઇ ગોસાઇ''. પરંતુ મહત્વનની બાબત એ છે કે આ શુધ્ધ ઘીની સુખડીના પ્રસાદનો લાભ ત્યાં ઉપસ્થિત ભાવિકો અને સ્થાનિક લોકોને મળે છે.

આ ધર્મસ્થાનની વિશેષતા છે કે આ જૈન તીર્થધામ કહેવાતુ હોવા છતાં અહી જૈન સિવાયના અન્ય ધર્મના લોકો વિશેષ પ્રમાણમાં આવે છે. એમ કહેવાય છે કે, દરરોજ લગભગ ૭૦૦૦ રૂપિયાની સુખડીનું અહી નૈવેદ્ય ચડે છે. અને એમાંય રવિવારે તો ૨૫ થી ૩૦ હજારની સુખડી શ્રધ્ધાળુ ભકતો દાદા ઘંટાકર્ણ વીરને નૈવેદ્યરૂપે ધરાવે છે.

આ મંદિરના આરાધ્યદેવ ઘંટાકર્ણ વીર માટે એવી એક દંતકથા પ્રવર્તે છે કે સદીઓ પહેલા આ આખાય વિસ્તારમાં જંગલી પ્રાણીઓ અને લૂંટારૂઓની ખુબ જ હેરાનગતિ હતી. તે સમયે તુંગભદ્ર નામે એક રાજા થઇ ગયા. આ રાજાનો પહેરવેશ સશસ્ત્ર યોધ્ધાનો હતો. ધનુષ્ય બાણથી સજ્જ આ રાજવી સાધુ, સંતો, સ્ત્રીઓ અને યાત્રાળુઓને રક્ષણ આપતા. તેઓને સુખડી ખૂબ પ્રિય હતી. તેઓ ચ્યવીને ઘંટાકર્ણ મહાવીર દેવ નામે દેવભૂમિમાં સમકિતી દેવ થયા. બીજી પણ એક એવી કિંવદન્તી છે કે મહાન તપસ્વી આચાર્ય ભગવંત શ્રી બુદ્ધિસાગર મહારાજશ્રીએ ઉગ્ર તપસ્યા આદરી હતી. આ સાધના દરમિયાન તેમણે શ્રી ઘંટાકર્ણ મહાવીરના પ્રત્યક્ષ દર્શન કર્યા. તેઓએ જે શરીરધારી ઘંટાકર્ણ મહાવીરનું દર્શન કર્યું તેનું સુરેખ ચિત્ર દોર્યુ અને ચિત્ર ઉપરથી અમુક ચોક્કસ મુહૂર્ત દરમિયાન આરસની પ્રતિમા ઘડવા શિલ્પીને જણાવ્યું પરંતુ મૂળચંદ મિસ્ત્રી નામના આ કારીગરે તે સમયે આરસનો તે પ્રકારનો પથ્થર ઉપલબ્ધ નહી હોવાનું જણાવતાં શ્રી બુધ્ધિસાગરસુરીજી મહારાજે ખારાપાટના પથ્થરમાંથી પ્રતિમા બનાવરાવીને પ્રતિષ્ઠાનું મુહૂર્ત સાચવી લીધું. આ પ્રતિમાની પ્રતિષ્ઠા વખતે મંત્ર અંકિત કરેલા એક ઘંટની પણ સ્થાપના કરાઇ હતી. કેટલાક મંદિરોમાં જેમ પાપ - પુણ્યની બારીઓ હોય છે તેવી જ રીતે તેવા પ્રકારનો અહી એક ઘંટ છે. અત્યંત સાંકડા પગથિયાવાળી સીડી આ ઘંટને સાંકળી રહી છે. આ ઘંટ વગાડનાર નસીબદાર છે તેવું માનવામાં આવે છે.

આ મહુડીના ઘંટાકર્ણ વીર દાદાની બીજી એક વિશેષતા છે. અન્ય જૈન મંદિરોમાં હોય તેવી આ મૂર્તિ આરસની નહી પણ ખારાપાટની પથ્થરની બનેલી છે. ખારાપાટના પથ્થરને પૂજાથી ઘસારો પહોચતો હોઇ વર્ષમાં માત્ર એક જ દિવસ કાળીચૌદસે પ્રક્ષાલ અને કેસરચંદન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજાની છૂટ અપાઇ હોવાનું માનવામાં આવે છે. તાંત્રિક દ્રષ્ટિએ પણ કાળીચૌદસ મહત્વનો દિવસ ગણાય છે.

આ હવનની વિધીમાં ખાસ પસંદગીના લોકો જ બેસી શકે છે. યજ્ઞમાં ૧૦૮ આહૂતિ અપાય છે અને દરેક આહુતિને અંતે મંત્રપઠન અને ઘંટનાદ કરાવાય છે. એ પછી ૧૦૮ દીવાની આરતી ઉતારાય છે. વર્ષમાં એક જ વાર થતાં હવનની વિધી વિજાપુરના એક જૈન પરિવાર દ્વારા છેલ્લાં નેવું વર્ષથી કરવામાં આવે છે. યજ્ઞમાં ઉચ્ચારનો મંત્ર શ્રી બુદ્ધિસાગરજી મહારાજે આ જૈન પરિવારના મોભીને આપ્યો હતા. જે ગુપ્ત મંત્ર પેઢી દર પેઢીથી કુટુંબના મોભી સૌથી મોટા વારસદારને શિખવાડતા જાય છે. માત્ર કાળીચૌદશે જ શ્રી ઘંટાકર્ણ મહાવીરની નવઅંગી પૂજા થાય છે. આ પૂજા તથા હોમની વિધિ પહેલા રાત્રીના સમયે થતી હતી. આ વિધિમાં લાખો લોકો ઉપસ્થિત રહે છે. આટલી બધી વસ્તી ઉપસ્થિત રહેતી હોવાના કારણે કોઇ અઘટિત ઘટના ના સર્જાય તે માટે આ હવન વિધિનો સમય આયોજકોએ રાત્રીના બદલે દિવસનો કર્યો છે. આ યજ્ઞની વિધિ ચાલે તે દરમિયાન ભાવિકો નાડાછડીનો ટુકડો કે જેની લંબાઇ બે થી અઢી ફૂટ હોય છે, તેના પર દરેક આહુતિ સમયે એક ગાંઠ વાળે છે. આ રીતે ૧૦૮ ગાંઠવાળી માળા તૈયાર કરાય છે. કાળીચૌદશે મહુડીમાં ઊમટતા શ્રધ્ધાળુઓમાં દેશ-વિદેશથી લાખો લોકો આવે છે.

આ સ્થાનના અધિષ્ઠાતા રક્ષક દેવનું નામ શ્રી ઘંટાકર્ણ દાદા એટલા માટે પડયું કે ઘંટાકર્ણ દાદાની પ્રતિમાના કાને જે કુંડળ છે તેનો આકાર ઘંટ જેવો છે.

અહીં યાત્રાળુઓ માટે રહેવા-જમવાની ખુબ જ સરસ અને સૌ કોઇને પોસાય એવી વ્યવસ્થા છે. ઘંટાકર્ણ વીરદાદાના સ્થાનક પાસે જૈન ધર્મનું ભવ્ય દેરાસર છે.

આ સ્થાનની બહાર વૈષ્ણવ સંપ્રદાયનું ભગવાન કોટયાર્કનું પણ વિશાળ અને ભવ્ય મંદિર છે. વૈષ્ણવ ધર્મની પરંપરા પ્રમાણે અહીં સમાસમાના દર્શન થતાં હોય છે. અહી રહેવા જમવાની સરસ મજાની સગવડ છે.

આમ ઘંટાકર્ણ દાદાનું આ તીર્થ ભાવિકો માટે તો શ્રદ્ધા અને આસ્થાનું પરમ તીર્થ ધામ છે. દાદા અહી સૌની મનોકામના પૂર્ણ કરે છે.

(ધર્મધારા - માસીકમાંથી સાભાર)






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નિર્યામણા કોને કહેવાય ?

લેખક : પ્રવચન પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયકીર્તિયશ સુરીશ્વરજી મ.સા.

જિંદગીમાં જેણે ધર્મ ન કર્યો હોય તેવાને અંત સંમયે કોઇ મહાત્મા ધર્મ સંભળાવવા આવે તો કેવું થાય તે વિચારણીય છે.

એકવાર એક સ્થળે એક મહાત્માને અંત સમયની આરાધના કરાવવા જવાનું થયું. એમને જોતાં જ જે ભાઇ માંદગીમાં બિમાર હતા તે બોલી ઉઠયા કે - ''મહારાજને કેમ લાવ્યા ? શું હવે મારે મરી જવાનું છે ? ના મારે નથી મરવું. મહારાજને પાછા લઇ જાઓ. મારે તો હજુ જીવવું છે.'' જાણે કે એ મહાત્મા યમના દૂત થઇને એમને લેવા ગયા હોય, એવી નજરે એ એમને જોતા હતા. મમતાવશ જીવોની કેવી દશા હોય છે ? - એનો આ એક નમૂનો છે.

નિર્યામણા કોને કહેવાય તે સામાન્ય કક્ષાનું પણ જૈન તત્વજ્ઞાન પણ ભણ્યા ન હોય તેને પ્રશ્નો ઉઠે છે. નિર્યામણા જૈન ધર્મનો પારિભાષિક શબ્દ છે. એનો અર્થ થાય છે, અંત સમયની, મૃત્યુસમયની આરાધના કરાવવી, મૃત્યુને સુધારવાની ક્રીયા.

એક ભાઇની છેલ્લી અવસ્થા સમજી મુનિશ્રીને નિર્યામણા કરાવવા લઇ ગયા. સ્વજનોને પણ ફોન કરીને બોલાવાયા હતા. અને એક પછી એક આવી રહ્યા હતા. મુનિશ્રીએ પહોચીને હિતશિક્ષા વગેરે આપીને નિર્યામણા કરાવવા નવકાર મંત્રનો પ્રારંભ કર્યો. નવકાર મંત્રના એક-બે પદ બોલ્યો, એટલામાં એ ભાઇ બોલ્યા, 'દિકરીની દિકરી આવી ?' દીકરો કહે 'બાપાજી એ પછી, અત્યારે મહારાજ સાહેબ આવ્યા છે, માંગલિક સંભળાવે છે. એ તમે ધ્યાન દઇને બરાબર સાંભળો,' તો એ પરિસ્થિતિમાં ય ડોળા કાઢીને બોલ્યા કે 'એમને બોલવું હોય તો ભલેને બોલે, મેં કયાં ના પાડી છે. પણ બેબીનું શું થયું ? એ કયારે આવે છે ? મારે એનું મોઢું જોઇને પછી જ જવું છે.' અને પછી મુનિશ્રી તરફ આંખ ફેરવીને કહ્યું - 'મહારાજ ! તમ-તમારે ચાલુ રાખો !' છેલ્લા સમયે પણ જેની આવી મમતા હોય, એનું ભવિષ્ય કેવું ? એ સ્થિતિમાં એનો જીવ નીકળે તો એની ગતિ કઇ થાય ?

પરમ તારક ગુરૂદેવ નિર્યામણા કરાવવા ગયા. એક માંદગીગ્રસ્ત પિતાનો દીકરો બોલાવવા આવ્યો. દીકરાએ કહ્યું, 'સાહેબ ! મારા પિતાજીએ પૈસો કમાવવા પાછળ આખી જિંદગી બરબાદ કરી છે. કાળી મજૂરી કરી છે. કાળા-ધોળા કરવામાં પાછું વાળીને જોયું નથી. છેલ્લા એક વર્ષથી હું એમને કહું છુ કે, અમારે તમારો એક રૂપિયો જોઇતો નથી. તમારા હાથે જ આ બધુ વાપરીને જાઓ, તો થોડું પાપ પણ હળવું થશે, પણ અમારી એકવાત સમજવા તૈયાર નથી, આપ આવીને સમજાવો અને આપનાથી સમજીને કાંઇક સુકૃત કરે તો એમનું ભવિષ્ય ઉજળું થાય.'

'અમે ઇચ્છીએ છીએ કે, એ તેમની પૂરેપૂરી મૂડી વાપરી લે. ડોકટરે પણ કહી દીધું છે કે, હવે ચોવીસ કલાકથી વધારે નથી. એટલે કૃપા કરીને આપ એમને બરાબર સમજાવજો !'

ગુરૂદેવ ત્યાં પધાર્યા. શાંતિથી એને સમજાવવાની શરૂઆત કરી અને એણે પણ બધી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાતમાં 'હા' એ 'હા' કરવા માંડી. એટલે એના દીકરાને સંતોષ થયો અને એ પછી એમનો દીકરો જ્ઞાનપૂજન, ગુરૂપુજન કરવા માટે મોટા થાળમાં રૂપિયાની થપ્પીઓ લઇને આવ્યો અને પિતાજી જે કાંઇ સુકૃત કરવાનું જાહેર કહે તે નોંધવા નોટ-પેન પણ લઇ આવ્યો. પણ જયાં એને રૂપિયાની થપ્પીઓ લઇને આવતો જોયો કે તરત જ ઇશારાથી ના કહીને એને પાછી લઇ જવાનું કહેવા લાગ્યા. આ જોઇને એ દીકરાની આંખમાં આંસુ ઉભરાઇ આવ્યા અને કહ્યું કે 'પિતાજી હવે તમારો છેલ્લો સમય છે. તમે તમારા હાથે જ વાપરી લો, અમે અમારૂં ફોડી લઇશું. આમાંથી એક પૈસો અમે અમારા કામમાં વાપરવાના નથી તમારા ગયા પછી બધો જ ધર્માદો કરવાના છીએ. જેટલું તમે તમારા હાથે કરીને જશો, તેટલું તમારા ભેગું આવશે !' આમ કહીને દીકરાએ ખૂબ કાકલૂદી કરી, પણ બાપ ન પલળ્યો તે ન જ પલળ્યો. એની મક્કમતા અડગ હતી. છેલ્લે આખી થાળીમાંથી એણે માત્ર રૂપિયો લીધો ને જ્ઞાનપૂજન કર્યુ. દીકરાને કહ્યું 'આ થાળ લઇ જા.' દીકરો ધ્રુસકે ધ્રુસકે રડી પડયો. એને થયું, મારા બાપની ગતિ કઇ થશે ? ગુરૂદેવે તેને કહ્યું, 'તે તારું કર્તવ્ય પુરૂં કર્યુ. હવે તો જીવની જેવી ભવિતત્યતા હશે તેવું પરિણામ આવશે' અને સાંજે જ આ સમાચાર મળ્યા કે 'એ ભાઇ ગયા.'

જેણે પણ પોતાનું મૃત્યુ સુધારવું હોય તેણે પોતાનું જીવન સુધારવું જરૂરી છે. જીવન સારૂં બન્યુ હોય અને અંત સમયે ગુરૂદેવ નિર્યામણા કરાવવા આવે તો તે સમયે ભાવોની વિશુદ્ધિ થાય અને એ દ્વારા સદ્દગતિની પંરપરા સર્જાય.


**શ્રી ભાવનગર નાગરિક સહકારી બેન્ક લિ.,**

૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર. ફોન :- ૨૫૧૩૭૦૨ - ૨૫૧૩૭૦૩

**-: શાખાઓ :-**

ડોન-કૃષ્ણનગર, વડવા-પાનવાડી, રુપાણી-સરદારનગર, ભાવનગરપરા, રામમંત્રમંદિર, ઘોઘારોડ, શિશુવિહાર

**તા.૧-૧૨-૨૦૦૪ થી અમલમાં આવતા ડીપોઝીટ તથા ધિરાણના વ્યાજના દરો**

| **ડિપોઝીટ** | **વ્યાજના દર** |
|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૦ % |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૫.૫ % |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૬.૦ % |
| ૧ વર્ષથી ૩ વર્ષની અંદર | ૭.૫ % |
| ૩ વર્ષ કે તે ઉપરાંત | ૮.૦ % |
| સેવિંગ્ઝ ખાતા ઉપર વ્યાજ | ૩.૫ % |

**સિનિયર સીટીઝનને એક ટકો વધુ વ્યાજ મળશે.**
**નિયમિત હપ્તા ભરનાર સભાસદને ભરેલ વ્યાજના ૬ % વ્યાજ રિબેટ આપવામાં આવે છે.**

| **ધિરાણ** | **વ્યાજના દર** |
|---|---|
| રુા. ૫૦,૦૦૦/- સુધી | ૧૧.૦ % |
| રુા. ૫૦,૦૦૧/- થી રુા. ૨ લાખ સુધી | ૧૨.૦ % |
| રુા.૨,૦૦,૦૦૧ થી રુા.૨૦ લાખ સુધી | ૧૩.૦ % |
| N.S.C./K.V.P. સામે રુા.૧ લાખ સુધી | ૧૧.૦ % |
| હાઉસીંગ લોન રુા. ૮ લાખ સુધી ૭૨ હપ્તાથી | ૯.૫ % |
| ૭૨ હપ્તાથી વધુ | ૧૦.૫ % |
| મકાન રીપેરીંગ રુા.૭૫,૦૦૦/- સુધી | ૧૧.૦ % |
| સોના ધિરાણ : રુા. ૧ લાખ સુધી | ૧૨.૦ % |

- **રુા. ૧ લાખ સુધીની ડીપોઝીટ વીમાથી આરક્ષિત**
- **છેલ્લા ૩૫ વર્ષથી ઓડીટ વર્ગ 'અ'**
- **બેન્કની વડવા શાખામાં વહેલા તે પહેલાના ધોરણે પસંદગીના લોકર ભાડે આપવામાં આવે છે**

**નિરંજનભાઇ ડી. દવે** ચેરમેનશ્રી

**વેણીલાલ મગનલાલ પારેખ** મેનેજીંગ ડિરેક્ટરશ્રી

**બળવંતભાઇ પી. ભટ્ટ** જનરલ મેનેજરશ્રી




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# [illegible] ૧૨ વ્રતો એટલે શ્રાવકે પાળવા યોગ્ય [illegible]

સંકલન : આર.ટી. શાહ - વડોદરા

## ૧ લું વ્રત : “સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ વ્રત” એટલે કે અહિંસા વ્રત

સાચો શ્રાવક - મન - વચન - કાયાના યોગથી અહિંસા - વ્રત પાળે - પળાવે અને જે પાળે તેની અનુમોદના કરે એટલે સૂક્ષ્માતિ સૂક્ષ્મ એવા ત્રસ જીવોની હિંસામાંથી પણ નિવૃતિરૂપ આચરણ કરે. શ્રાવણ રાત્રિ ભોજનનો ત્યાગ કરીને પણ દર મહીને ૧૫ ઉપવાસનું ફળ મેળવી શકે છે. માટે જૈન ધર્મમાં રાત્રિભોજનનો નિષેધ કરવામાં આવે છે. શ્રાવક કોઇપણ સ્થાવર જીવો એટલે કે પૃથ્વીકાય - અપકાય - તેઉકાય અને વનસ્પતિ કાય જીવોની હિંસાનો ત્યાગ કરે છે.

કોઇપણ પશુને બાંધે નહી, સડેલા ધાન્ય તાવડે નખાવે નહી, અલગણ પાણી વાપરે નહી, આ રીતે સર્વે પ્રકારે નિર્જરા આચરે, આટલા માટે જ પ્રભુ મહાવીરે પ્રાણીમાત્ર માટે કરૂણાનો સંદેશ આપેલ છે. અને “અહિંસા પરમો ધર્મ” નો સિધ્ધાંત પ્રસરાવેલ છે.

## ૨ જું વ્રત : સ્થૂળ મૃષાવાદ એટલે અસત્ય ન બોલવાનું વ્રત :

શ્રાવકે જુઠુ ન બોલવાના વ્રતનો અમલ કરવો જોઇએ. ગૃહસ્થ જીવનમાં અનેક પ્રકારના જૂઠું બોલવાના પ્રસંગો ઉત્પન્ન થતાં હોય છે. જેવા કે ગોવાલિક - ગાય ભેંસ લેવા - વેચવા માટે - ભોમાલીક - જમીન સંબંધી - થાપણ મોસૌ એટલે કોઇની પણ થાપણ ઓળવવાનો એટલે વિશ્વાસઘાત કરે તો નરક અગર તિર્યંચ ગતિના ઘોર દુઃખો પામે છે. જૂઠી સાક્ષી આપીને નિર્દોષ માણસ માર્યો જાય એ મહા પાપ ગણાય છે. આ રીતે જૂઠનો સર્વથા પરિત્યાગ કરવો જોઇએ. ધર્મના સર્વોત્તમ ફળનો દાતા સત્ય જ છે.

## ૩ જું વ્રત : સ્થુળ અદત્તાદાન - વિરણમ વ્રત - કોઈપણ પ્રકારની ચોરી ન કરવાનું વ્રત :-

શ્રાવકના જીવનમાં કોઇપણ પ્રકારે નાની મોટી ચોરી થઇ જતી હોય જ છે. માટે કોઇપણ પ્રકારની સ્થૂળ ચોરી ન થાય એ માટે તેના “પચ્ચખાણ” એટલે કે બાધા અવશ્ય લઇ લેવા જોઇએ. જેનાથી આ પ્રકારના અનેક દોષોમાંથી બચી શકાય છે. પરાયું ધન એટલે કે થાપણ મુકેલ ધન - અલંકારો - વિશ્વાસે સાચવવા આપેલ વસ્તુઓ - રસ્તામાં પડેલ નધણિયાતી વસ્તુને સ્પર્શ ન કરીને દુર્ગતિના દુઃખોમાંથી બચી શકાય છે. ચોરી કરવી એ લૌકીક તથા લોકોત્તર બંને વિરૂદ્ધનું કાર્ય છે. ખોટા તોલ માપ - ભેળસેળ કરવી - પરાઇ વસ્તુ ઓળવી લેવી - સારો માલ બતાવી હલકો માલ આપવો - આવા અનેક પ્રકારના દોષોમાંથી બચીને પરભવમાં સુખ મેળવી શકાય છે.

## ૪ થું વ્રત : મૈથુન વિરમણ વ્રત - એટલે સૂક્ષ્મ પ્રકારનું બ્રહ્મચર્ય વ્રત :-

ગૃહસ્થ માટે સર્વત્રઃ બ્રહ્મચર્ય વ્રત પાળવુ એ અતિ દુષ્કર છે. આ માટે “સર્વવિરતિ ધર્મ” સ્વીકારીને સાધુ ધર્મ સ્વીકારી લેવો એજ ઉત્તમ ઉપાય છે. મનુષ્ય ગતિમા મૈથુન સંજ્ઞાનો ઉદય અધિક હોય છે. માટે શ્રાવકે “સ્વદ્વારા સંતોષ” રાખીને કોઇપણ વિધવા - વેશ્યા - કુમારિકા સાથેના વ્યાભિચારમાંથી બચવું અને કોઇપણ શ્રાવકે - વિષયઆસકિત એટલે કામ, ભોગની તીવ્ર અભિલાષાના કર્મોમાંથી બચવાનો પ્રયત્ન કરવો જોઇએ, કારણ કે ભોગ ભોગવવાથી કદી તૃપ્તિ થતી નથી પરંતુ ત્યાગ કરવાથી જ સંતોષ મેળવી શકાય છે. એટલા માટે જૈનો એ કોઇપણ પર્વ તિથિઓમાં બ્રહ્મચર્ય અવશ્ય પાળવા માટે આદેશ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. કારણ કે કોઇપણ મનુષ્યના ''આયુષ્યનો બંધ'' પ્રાયઃ કરીને આવા દિવસોમાં પડી જવાનો સંભવ હોય છે. આટલા માટે જ આ દિવસોમાં ધર્મ ક્રિયા એટલે - સામાયિક - પૌષધ - વ્રતમાં બેસી જવાનો આદેશ આપવામાં આવે છે. આ માટે શ્રાવકે સંયમી જીવન જીવવાનું હોય છે. પ્રતિદિન કરોડો સોનૈયાનું દાન દેવાથી - જે ફળ મળે તેના કરતા અનેકગણું ફળ એક દિવસનાં બ્રહ્મચર્ય વ્રતમાં મળે છે. આવા સંયમી જીવો જ ભવાંતરમાં પણ સાધુ જીવન જીવીને મોક્ષ સુખ પામી શકે છે.

### ૫ મું વ્રત : "પરિમાણ પરિગ્રહ વ્રત"

ગૃહસ્થને સાધુની માફક સર્વથા નિષ્પરિગ્રહી રહેવું એ કઠિન છે પરંતુ શ્રાવકે પોતાની પાસે જે કાંઇ દ્રવ્ય એટલે ધન - ધાન્ય - ઘરેણા - ઘર - જમીન - ખેતર - પશુઓ - નોકર - ચાકર - વસ્ત્રો તેમ જ ઘર વપરાશની વસ્તુઓ દરેકનું પરિગ્રહ પરિમાણ વ્રત લેવાનો આદેશ છે. પોતાની પાસે જે કાંઇ હોય તેમાં સંતોષ માનીને તેની મર્યાદા બાંધવાની હોય છે. અને આના માટેના પચ્ચખાણ - બાધા લેવાય તો સારી દુનિયાની વસ્તુઓનાં પાપમાંથી બચી શકાય છે. અને કાયના જીવોની રક્ષા થાય છે.

આ ઉપરાંત યથાશકિત પોતાની લક્ષ્મીનો સુકૃત રીતે ઉપયોગ કરવા માટે પણ ધર્મનો આદેશ હોય છે જેનાથી પોતાની યશ - કિર્તીમાં વૃદ્ધિ થાય છે અને સુખમય જીવન ગાળી શકે છે.

જૈન ધર્મની કથામાં ''પુણીયા શ્રાવક'' જેને પોતાની પાસે બે - દ્રામ - દોકડા હતા એટલે જે કાંઇ લક્ષ્મી હતી તેનું સ્વર્સ્વ દાન કરી દેવાથી તેને - શ્રેષ્ઠ એવું ''પુણીયા શ્રાવક'' નું બિરૂદ આપવામાં આવેલ છે.

### ૬ ઠ્ઠું વ્રત : "દિગપરિમાણ વ્રત - એટલે કે દિશા - પરિમાણ વ્રત"

જે રીતે ઘરના બારી - બારણા - ખુલ્લા રાખવાથી કચરો ભરાઇ જાય છે તે રીતે દિશા પરિમાણ ન કરવાથી સમસ્ત જગતના પાપ કર્મોનો હિસ્સો આવે છે અને મર્યાદા કરનારને જેટલું ક્ષેત્ર ખુલ્લુ રાખે તેનો હિસ્સો તેના પાપમાં આવે છે. જે આમ ન કરે તો બધા લોકના - આશ્રવબંધ થાય છે. માટે જ ઉર્ધ્વ - અધો - તિર્છા - દિશાનું પરિમાણ વ્રત કરવું જોઇએ. ઉર્ધ્વ દિશામાં આકાશ ગમન માટે - નીચી દિશામાં - કૂવા - વાવ - સુવર્ણની ખાણ - અને તીર્છી એટલે ૪ દિશામાં અમુક કીલોમીટરના અંતરથી વધુ જવું નહી. - જો કે સુખ હેતુ માટે આનો ભંગ થતો નથી - આ વ્રત દ્વારા ૩૪૩ ઘન રજ્જુના વિસ્તારવાળા સંપૂર્ણ લોકનું પાપ આવતું નથી. જેટલા ગાઉની મર્યાદા કરી હોય તેનું જ પાપ લાગે છે.

### ૭ મું વ્રત : "ઉપભોગ - પરિભોગ - પરિમાણ વ્રત"

જે વસ્તુ એક જ વખત વાપરવામાં આવે તેને - ઉપભોગ કહેવાય, જયારે જે વારંવાર વાપરવામાં આવે તેને - પરિભોગ કહેવાય, આવી વસ્તુઓ માટે પણ શ્રાવકે મર્યાદા રાખવાની હોય છે.

દા.ત. ફળ-ફળાદી - સ્નાન કરવાનું પાણી - વસ્ત્રો - વિલેપન માટેના સાધનોની મર્યાદા રાખવાની હોય છે. કર્મા દાન તરીકે એટલે કે - વ્યાપાર કરવા માટે - અંગાર કર્મ - વમ કર્મ - શકટ કર્મ - લક્ષ - રસ - વિષ - કેશ - વાણિજય - એટલે કે જેમાં ત્રસ જીવોની હિંસા થાય તેવા અનર્થકારી વેપાર પણ શ્રાવકે કરવા ન જોઇએ.

### ૮ મું વ્રત : "અનર્થ દંડ વિરમણ વ્રત"

આશ્રિતોનાં પોષણ માટે - છ કાયના જીવોનો આરંભ કરવો પડે તેને અર્થ દંડ કહેવાય, ત્યારે વિના કારણ જરૂરી વધારે પાપ કરવામાં આવે તેને અનર્થ દંડ કહેવાય.

નાટક ચેટક જોવા, કામોત્પાદક ક્રિયા કરવી, પુરૂષ સ્ત્રીના હાવભાવ - રૂપ - શૃંગાર - વિષય રસ વખાણવા. કુચેષ્ટા, આંખના ઇશારા કરવા, લુચ્ચાઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદીથી, નિરર્થક વાચાળપણું કરીને તુચ્છ વચનો બોલવા - ચપ્પુ - છરી - તલવાર - વગેરેને સજાવવા - સાંબેલું - ખાણિયા બનાવવા. આ બધા અનર્થ દંડના પ્રકાર છે માટે શ્રાવકે આવા પાપોમાંથી અવશ્ય બચવું જોઇએ.

## ૯ મું વ્રત : "સામાયિક વ્રત"

સમ = સમભાવ, આય = લાભ, ઇક = વાળુ, જેનાથી સમભાવનો લાભ થાય તે સામાયિક, જેમાં આત્માનો રસ પ્રાપ્ત કરનાર - દર્શન - જ્ઞાન - ચારિત્ર્ય - તપનો લાભ થાય તે સામાયિક. આવું સામાયિક - બે ઘડી - એટલે કે - ૪૮ મીનિટ સુધી કરવાનો જૈન ધર્મમાં આદેશ છે. આ સામાયિક વ્રત કરવા માટે ભૂમિ ને પુંજણીથી પૂંજીને - ઉનના આસન ઉપર - ૮ પડવાળી મુહપત્તિ, રજોહરણ એટલે કે ચરવળો લઇને - આચાર્ય ભગવંતની સ્થાપના સ્થાપીને - મનમાં કોઇપણ ખરાબ વિચારને દૂર રાખીને - મનમાં ૧૦ દોષ રહિત, વચનના ૧૦ દોષ રહિત, કાયાના ૧૨ દોષ રહિત એટલે કે ૩૨ દોષોથી રહિત સામાયિક વ્રત કરવાનો જૈન ધર્મનો આદેશ છે.

## ૧૦ મું વ્રત : "દેશાવગાસિક વ્રત"

સચિત વસ્તુ - એટલે નળ કૂવાના પાણી - કાચી માટી - નમક - કાચુ ધાન્ય વિગેરે - ખાવા - પીવાના કે સુંઘવાના પદાર્થો - વિગય - ઘી દૂધ - મીઠાઇ વગેરે, પગરખાં-મોજા - તંબોલ - પાન સોપારી, - કુસુમ - એટલે ફુલ વગેરે સુંઘવાની વસ્તુ, સયણ - સુવા પાથરવાની વસ્તુ, વાહન - ઘોડા - બળદ - ગાડી - રેલ - મોટર - જહાજ - વિમાન - આદીની સવારી - છ દીશામાં ગમનાગમન - આવી દરેક વસ્તુનું પરિમાણ વ્રત - લેવાના વ્રતને દેશાવગાસિક વ્રત કહેવામાં આવે છે. શ્રાવકે આ વ્રત દૈનિક રીતે લેવાનો આદેશ છે.

## ૧૧ મું વ્રત : "પૌષધ વ્રત"

અભ્યંતર સંયમથી આત્માને પોષનાર તેમ જ છ કાય જીવના રક્ષણ દ્વારાં બાહ્ય સંયમથી પોષણ કરે તે પોષધ વ્રત. આવું વ્રત ૪ પહોર એટલે કે આખાયે દિવસ માટે કરી શકાય અને ૮ પહોર એટલે અહો રાત્રિ - આખાયે દિવસ તથા રાત માટેનું વ્રત કરવાનું હોય છે. પોષધ વ્રત દરમ્યાન વ્યાખાન - શ્રવણ - પઠન - પાઠન - જ્ઞાન - ધ્યાન - નામસ્મરણ - દ્વારા પુરો સમય ધર્મ ધ્યાનમાં વ્યતિ કરવામાં આવે છે.

પોષધ વ્રત કરવા માટે આ વ્રતના દિવસે શકય હોય ત્યાં સુધી ઉપવાસ વ્રત જ કરવાનું હોય છે. પાંચ અતિચાર તથા ૧૮ દોષ રહિત પૌષધ વ્રત કરનારનું દેવગતિનું આયુષ્ય બંધાય છે. એવું વ્યવહારીક ફળ કહેવામાં આવે છે.

## ૧૨ મું વ્રત : "અતિથિ સંવિભાગ વ્રત"

જેમના આવવાથી કોઇ તિથિ નક્કી ન હોય તેને અતિથિ કહેવાય. જૈન સાધૂઓ અમુક દિવસે અમુકને ત્યાં જ ભિક્ષા માટે જાય તેવું નક્કી હોતું નથી

(અનુસંધાન પાના નં.૧૫ ઉપર)

મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ

દરેક જાતના ઉચ્ચ કવોલીટીના
અનાજ
તથા કઠોળના વેપારી

દાણાપીઠ, ભાવનગર.
ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

રોહિતભાઈ ઘર : ૨૨૦૧૪૭૦
સુનીલભાઈ ઘર : ૨૨૦૦૪૨૬

પરેશભાઈ
ઘર : ૨૫૧૬૬૩૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો
## (સં.૨૦૧૮ પો.સુદ-૮ શનિવાર, સ્થળ : પોળની શેરી, પાટણ)

(ગતાંકથી ચાલુ)

ભગવાનના દર્શન કરતી વખતે ભગવાનના સ્થિરાસનની અને પ્રસન્ન મુખમુદ્રાના દર્શન કરવા જોઇએ. એનો વિચાર કરવો જોઇએ. એ વિચાર આપણા પાપનો નાશ કરે છે. પ્રભુના બાહ્ય આકારની પાછળ રહેલો પ્રભુના વિચારનો પ્રકાર જાણવો જોઇએ.

પ્રભુની મુદ્રાને યોગમુદ્રા - ધ્યાનમુદ્રા - અપ્રમત્તમુદ્રા કહેવાય. સદા જાગતી મુદ્રા છે. બીજાને તારવા માટેની મુદ્રા છે. ત્રણ ભુવનનું રક્ષણ કરનારી મુદ્રા છે. પ્રભુની મુદ્રા પણ બોલી રહી છે. કારણ કે મૌનપણે પણ ધર્મની મહત્તા સમજાવે છે. એટલે પ્રભુ બોલતા પણ છે. છદ્મસ્થો બોલીને ધર્મનું સ્વરૂપ સમજાવે છે. પણ પુરૂં સમજાવી શકતા નથી. તેથી બોલવા છતાં નહિ બોલતા છે.

ધર્મ વાણીને અગોચર છે. વાણીમાં ઉતારી શકાતો નથી. પરમાત્માની મૂર્તિ મૌન હોવા છતાં પણ ધર્મને સમજાવે છે કે કેટલી પુણ્ય પ્રકૃતિ ઉદયમાં આવે ત્યારે આવું પરમાત્માનું રૂપ મળે છે.

પ્રભુના ડાબા અંગુઠામાં બળ કેટલું ? મેરૂ પર્વતને કંપાવી શકે તેટલુ... અને અંગુઠામાં રૂપ કેટલું ? તો સર્વ દેવોથી ચઢી જાય તેટલું...પ્રભુનો એક એક અવયવ પુણ્ય પ્રકૃતિને, પુણ્ય પ્રકૃતિ બંધાવનાર ભાવનાઓને સમજાવે છે.

અરિહંત ભગવાનનો ભાવ શું છે ? સૌને પ્રતિક્રમણ ધર્મ પમાડવાનો...ગણધર ભગવાનનો ભાવ શું ...? પોતાના સર્વ સંબંધીઓને પ્રતિક્રમણ ધર્મ પમાડવાનો...ભગવાન સર્વનો વિચાર કરતા હતા માટે ભગવાનનું મન પ્રસન્ન હતુ. માત્ર પોતાનો જ વિચાર ભગવાન કરતા ન હતા. ભગવાનના નામ નિક્ષેપ સ્વરૂપ નવકારમાં માત્ર અક્ષરો નહિ પણ અક્ષરો નહિ પણ એ અક્ષરો શું કહે છે તેનો ભાવ વિચારવાથી ખરૂં રહસ્ય સમજાય છે.

સમ્યગ્દ્રષ્ટિ પણ સ્વ અને પર ઉભયના સુખનો વિચાર કરે છે. સર્વ જીવો સુખી થાઓ એ વિચાર એને થાય છે માટે એનું મન પ્રસન્ન રહે છે.

પ્રભુમાં સર્વ ધર્મકરણી વખતે પણ સૌના હિતનો ભાવ હતો. તેથી અપરાધી ઉપર પણ ભગવાનને રોષ ન આવ્યો, પણ કરૂણાના આંસુ આવી ગયા. ભાવનાનો આ પરિપાક છે.

જીવનો વિચાર મનને સ્થિર કરી શકશે પણ શુધ્ધ નહિ કરી શકે. જ્ઞાનની સાથે ભાવ ભળે તો મન સ્વચ્છ બને. જ્ઞાનથી મન સ્થિર બને છે ભાવથી મન સ્વચ્છ બને છે.

ચતુર્વિધ સંઘ '**मित्ती मे सव्वभुअेसु**' નો ભાવ કરે છે. તેથી સંઘ પણ તીર્થંકર ગણાય છે.

આક્રમણથી મળેલ વસ્તુ નવું આક્રમણ લાવે છે. માટે ધર્મરાજયમાં પ્રતિક્રમણ એ મુખ્ય છે. એટલે જ માફી માગનારો તરે છે.

ભકિત વિના મુકિત નથી, અને મૈત્રી વિના ભકિત નથી. એ બે ચીજની શ્રધ્ધા જૈન સંઘને છે. તેથી સંઘ પચ્ચીસમો તીર્થંકર કહેવાય છે. ભકિત કરે તેને મોક્ષ મળે છે. મોક્ષ એ પડછાયો છે. પુંઠ ફેરવો એટલે કે સંસાર તરફ પીઠ આપો એટલે મોક્ષ પાછળ છે. આવો વિચાર પણ તારનારો છે. નિર્જરા કરાવનાર છે. એટલે જ ધર્માનુષ્ઠાનની અનુમોદના કરનારો પણ તરે છે.

સંસારને એકલો અસાર ન માનો. આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારમાં જ ભકિત મળે છે. તેથી ભકિત થાય તો સંસાર અસાર નથી. ભકિત વિનાનો સંસાર અસાર છે. પણ ભકિતવાળાને માટે સંસાર અસાર નથી.

પ્રભુભકિતએ મુકિતનું અદ્વિતિય કારણ છે. 'મુકિતથી અધિક તુજ ભકિત મુજ મન વસી' મૈત્રી વિના ભકિત જાગતી નથી. અજ્ઞાનને પચાવવા જ્ઞાન જોઇએ. તેનું નામ મૈત્રી છે. મૈત્રી આપણે પોતે જાતે કરવાની છે. મૈત્રી એટલે સૌનું હિત ઇચ્છવું. આ મૈત્રી બીજા કરે તો ન ચાલે. સ્વયં જ કરવાની ચીજ છે. મૈત્રી આવ્યા પછી સાચી ભક્તિ જાગે છે અને સાચી ભક્તિ મોક્ષનું અવન્ધ્ય કારણ છે. મૈત્રી વિના દુર્ભાવની ગંદકી દૂર ન થાય.

મૈત્રી માટે ઋણમુક્તિ જોઇએ. ક્ષમા માગી લેવી તે ઋણમુક્તિ છે. સાધુ, સંઘમાં દુર્ભાવની દુર્ગંધને એકદમ દૂર કરાવી મૈત્રીભાવની સુવાસ ફેલાવે છે. અને સાધુનું એજ મોટું કામ છે.

ભક્તિ વિના મુક્તિ નથી. એમાં એટલું ઉમેરવું કે મૈત્રી વિના સાચી ભક્તિ નથી અને ઋણમુક્તિ વિના સાચી મૈત્રી નથી. તેથી સૌથી પ્રથમ સૌની માફી માગવી જોઇએ. આજ સુધી સૌના જે અપરાધ કર્યા છે તેને પહેલા ખમાવવા જોઇએ. તેની માફી માગવી જોઇએ. અને એથી જ પ્રતિક્રમણના રહસ્યભૂત મુળ ગાથામાં પ્રથમ પદ 'ખામેમિ સવ્વ જીવે' એ પ્રમાણે છે. આ ભાવ પરિણામ પામ્યા પછી જ સાચી મૈત્રી જાગે છે. સાચી મૈત્રી જાગ્યા પછી પ્રભુની ખરી ભક્તિ જાગે છે.

મુક્તિ એ ભક્તિનો પડછાયો છે. ભક્તિથી અવશ્ય મુક્તિ મળે છે. (ક્રમશ:)

**૧૩માં પાનાનું અનુસંધાન....**

**૧૨ મું વ્રત : "અતિથિ સંવિભાગ વ્રત"....**

માટે આવા સાધુઓને અતિથિ જ કહેવામાં આવે છે. જયારે અન્ય ભિક્ષુને અભયાગત કહેવામાં આવે છે.

શ્રાવકે પ્રાપ્ત ભોજનમાંથી - અમુક હિસ્સો - સાધુને વહોરાવવાના મનોરથ કરે અને સાધુનો યોગ પ્રાપ્ત થયે પ્રતિ લાભે તેને અતિથિ સંવિભાગ વ્રત કહેવાય છે.

જો શકિત હોય તો શ્રાવકે ૧૨ વ્રત અંગીકાર કરવા જોઇએ અગર બને તેટલા વ્રતો અંગીકાર કરી વ્રત ધારી શ્રાવક બનીને સદાયે મોક્ષ ગામી બનવા પ્રયત્નશીલ રહેવું જોઇએ.

(જૈન તત્વસારના આધારે)

## કોઈ કરી તો જુઓ....

કરી તો જુઓ રે કોઇ કરી તો જુઓ,
મારો મહાવીર કરે તે કોઇ કરી તો જુઓ,

કાદવમાં કમળ ઉગે રુડુ મજાનું કેવું,
સમુદ્રને હાથે કોઇ ઉલેચી જુઓ......મારો

પ્રકાશ પવનને મન દોડે દોટમાં રે,
સ્થિરતામાં એને કોઇ રાખી તો જુઓ....મારો

સુરજ ચંદ્રને વળી ટમટમતા તારલા રે,
આકાશને અધ્ધર કોઇ રાખી તો જુઓ....મારો

માયાને મમતાના રંગ જ એવા રે,
મોરના પીછાંને કોઇ રંગી તો જુઓ....મારો

બાગ-બગીચાને વનની વનરાયું રે,
ફૂલડામાં ફોરમ કોઇ ભરી તો જુઓ.....મારા

સંસાર સાગરમાં તરતી આ નાવડી રે,
ભવસાગર પાર એને કરી તો જુઓ...મારા

પંચ તત્વનું આ પુતળુ રુડુ બનેલું,
પૂતળામાં પ્રાણ કોઇ ભરી તો જુઓ....મારા

રજૂકર્તા : શ્રી હિંમતભાઇ મોદી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૯ વર્ષની બાળવયમાં દીક્ષા લેનાર જૈનાચાર્ય શ્રી પૂર્ણચન્દ્ર સૂરિજી ૧૦૦ ઉપરાંત પુસ્તકોના સુપ્રસિધ્ધ સર્જક છે

જૈન ધર્મશાસ્ત્રોમાં, આઠ વર્ષની વયે, બાળકને દીક્ષા આપવા માટે પ્રમાણભૂત ઠરાવવામાં આવી છે. જૈન શાસનના સર્વ આચાર ધર્મશાસ્ત્ર એટલે કે આગમ ને આધીન છે.

આમ છતાં, છ-સાત દાયકાઓ પહેલા બાળ-દીક્ષા સામે જબ્બર વિરોધનો વાવંટોળ જગાવવામાં આવતો હતો. વિરોધ માટે જે કારણો આપવામાં આવતા હતા તે કેટલા નિરાધાર અને અણસમજપૂર્ણ હતા તે આજે બાળવયમાં દીક્ષા લઇ, આદર્શ સંતમહાત્મા બનેલા સેંકડો વરિષ્ઠ સાધુઓના જીવનનું દર્શન કરવાથી માલુમ પડે છે.

આ બાળદીક્ષિતો આજે સરેરાશ ૬૦ વર્ષની ઉંમર ધરાવે છે. એમાનાં ઘણા મૂર્ધન્ય વિદ્વાન બન્યા છે. પ્રકાંડ-પંડિત બન્યા છે. ઉગ્ર તપસ્વી બન્યા છે. પ્રખર અને પ્રભાવક પ્રવચનકાર બન્યા છે. વિપૂલ સાહિત્ય સર્જક બન્યા છે. પ્રતિબોધ દ્વારા હજારો યુવાનોને સંસ્કારી અને સદાચારી અને સાધુ પણ બનાવ્યા છે. જે સાધુ ન બની શકે તેવા શ્રાવકો ધર્મબોધ પામી માર્ગાનુસારી બન્યા છે. આ વરિષ્ઠ મહાત્માઓની નિશ્રામાં, અનેક જિનાલયો તીર્થધામના નિર્માણ થયા છે. અનેક ધાર્મિક અનુષ્ઠાન દ્વારા જૈનશાસનની પ્રભાવના વધી છે. જિનાલયો, તીર્થધામો, આગમો (શાસ્ત્રો)ના સંવર્ધન, સંસ્કરણ અને સુરક્ષા માટે આ મહાત્માઓએ પોતાની જિંદગીના અમુલ્ય વર્ષો ખર્ચી નાખ્યા છે.

આવા અનેક પ્રભાવશાળી અને આદર્શ સંત મહાત્માઓમાંના એક છે. પૂ.આ.શ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરિજી મહારાજ. જેઓએ ૯ વર્ષની બાળ વયે દિક્ષા લઇ આજે જૈનશાસનના એક તેજસ્વી સિતારા તરીકે પોતાનું સ્થાન સ્થાપિત કર્યુ છે.

સાધુજીવનના ૫૦ વર્ષ પૂર્ણ થતાં ગત વૈશાખ માસ (મે માસ) ના પ્રથમ પખવાડીયામાં મુંબઇ ખાતે તેમના દીક્ષાપર્યાયની સુવર્ણ જયંતી ભવ્ય રીતે ઉજવાઇ, શ્રુત મહાપુજા, જૈન આગમ દર્શન (પ્રદર્શન) સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન થયેલ.

શ્રુત એટલે જૈન ધર્મશાસ્ત્રો (આગમ) પૂ.આચાર્ય શ્રી પૂર્ણચન્દ્ર સૂરિજી મહારાજે પોતાના સાધુ-જીવનના શ્રેષ્ઠ વર્ષો, આ શ્રુત એટલે શાસ્ત્રોના સંસ્કરણ, સંવર્ધન અને સાહિત્ય સર્જન માટે સમર્પિત કર્યા છે. આથી જ આ શ્રુતની જ્ઞાનની વ્યાપકતા અને પ્રભાવકતાનું નિદર્શન કરવાનું મુખ્ય કાર્ય હાથ ધરાય તે સર્વથા ઉચિત માનવામાં આવી રહ્યું છે.

૬૦ વર્ષ પહેલાની આ વાત છે.

ઉત્તર ગુજરાતમાં આવેલા જૈન તીર્થ તારંગા હીલની નજીકના કોઠાસણા નામનાં ગામના વતની શ્રી બાબુભાઇ એક ધર્મપ્રેમી શ્રાવક તરીકે શ્રાવિકા સૌ.શાંતાબેન અને પ્રકાશકુમાર અને મહેન્દ્રકુમાર નામના ૯ અને ૭ વર્ષના બે પુત્રો સાથે નાસીક શહેરમાં વસતા હતા.

શ્રી બાબુભાઇ અને શ્રીમતી શાંતાબેન ખુબજ ધર્મપરાયણ જીવન જીવતા હતા. જિનેન્દ્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તિની મસ્તીમાં મસ્ત રહેતા હતા સાધુ સંતોના સત્સંગમાં મહાલતા હતા અને પોતાના બંને પુત્રોને પણ ધર્મક્રિયાઓમાં પ્રવૃત કરતા હતા, જૈન શાસન શિરતાજ પૂ. 'સુરિરામ' અને એમના સમુદાયના સાધુઓના સતત સત્સંગના પ્રતાપે બાબુભાઇને આ અસાર સંસાર પર વૈરાગ્યભાવ જાગતા પુત્રોમાં પણ તેઓ આ વૈરાગ્યભાવનો વારસો, પ્રારંભથી જ આપતા રહેતા હતા.

સમય-સમયનું કામ કરે છે. બાબુભાઇએ બંને બાળકો સાથે, દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. પત્ની શ્રાવિકા ત્યારે સગર્ભાવસ્થામાં હતા. છતાં એમણે એક સાચી વીરાંગનાને છાજે તે રીતે પોતે અને પોતાના બે વહાલસોયા બાળકોને દીક્ષા લેવાની સંમતી આપી.

પણ એ વખતે બાળ-દીક્ષા સામે વિરોધનું ઉગ્ર વાતાવરણ પ્રવર્તતુ હતુ. જો બંને બાળકો દીક્ષા લે તો, સંઘના એક વર્ગનો - સગાસંબંધીઓના વિરોધનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ હતી. આ વખતે બાબુભાઇ, 'સુરિરામ' સમુદાયના પ્રભાવક નીડરવકતા પૂ.મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજના સંપર્કમાં હતા. આ મહાત્માના માર્ગદર્શન મુજબ, મુરબાડની બાજુમાં આવેલા ધસઇ ગામમાં, ગુપ્ત રીતે, વિ.સં.૨૦૧૧ ના વૈશાખ સુદ ૭ ના રોજ દીક્ષા - પ્રદાન વિધિ કરવામાં આવી.

પૂર્વાશ્રમના બાબુભાઇ, પુત્રો પ્રકાશકુમાર અને મહેન્દ્રકુમાર, વ્રત, જપ, તપ, મૌન, એકાંત યોગની કઠીન સાધના કરી, મુનિમાંથી ક્રમશ ગણિવર્ય, પંન્યાસ અને નવકાર મંત્રના પંચપરમેષ્ઠિના ત્રીજા પદે જેમને વંદન કરવામાં આવે છે તે આચાર્ય પદ સુધી પહોચ્યા. આચાર્યપદ એટલે જૈન શાસનનું જવાબદારીભર્યુ પદ વફાદારી પૂર્વક આ પુજયો પાલન કરી રહ્યા છે.

પૂર્વાશ્રમના બાબુભાઇ આજે જૈનાચાર્ય શ્રી વિજયજયકુંજરસૂરિજી મહારાજ તરીકે, પ્રકાશકુમાર જૈનાચાર્ય શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મહારાજ તરીકે અને મહેન્દ્રકુમાર જૈનાચાર્ય શ્રી મુકિતપ્રભસુરિજી મહારાજ તરીકે સુપ્રસિધ્ધ છે. અને મુંબઇ લાલબાગ તથા ભગવાન મહાવીરની વિહારભૂમિ - પાવાપૂરી (બિહાર)માં તેઓના સાધુ જીવનનો મહોત્સવ મહોત્સવ ઉજવાયો છે.

બાળવયમાં દીક્ષીત આચાર્ય શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મહારાજનું, શાળાકીય શિક્ષણ માત્ર ૩ ધોરણ સુધીનું જ હતુ, પણ ગુરૂની નિશ્રામાં કરેલી જ્ઞાનોપાસનાના પ્રભાવે તેઓ આજે જૈન સાહિત્યના સિદ્ધહસ્ત સર્જક બન્યા છે. તેઓ

શુભેચ્છા સાથે....

**ધોળકીયા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ**

ધોળકીયા રણછોડદાસ ઝીણાભાઈ, પો. બો. નં. ૭૧, શિહોર- ૩૬૪ ૨૪૦.
ફોન : ઓફિસ :- ૨૨૨૦૩૭, ૨૨૨૩૩૮, ૨૨૨૨૪,
૨૨૨૦૧૨, ૨૨૨૨૪૨, ૨૨૨૬૭૭
ફેક્સ નં.: ૦૦૯૧ - ૨૮૪૬ - ૨૨૬૭૭
ટેલીગ્રામ - મહાસુગંધી, શિહોર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦૦ થી અધિક પુસ્તકોના કર્તા છે. જૈન ધર્મનું અગ્રગણ્ય માસિક કલ્યાણ છેલ્લા ૩૦ વર્ષોથી તેઓશ્રીનું શાસ્ત્રીય માર્ગદર્શન મેળવીને આજે ૬૨ માં વર્ષમાં પ્રવેશી ચુકયું છે. 'કલ્યાણ'ના માધ્યમ દ્વારા હજારો આત્માને તેઓ ધર્મશાસ્ત્રોના રસાયણના અર્કસમા સાહિત્યનું રસપાન કરાવે છે.

પૂ.જૈનાચાર્ય શ્રી બાહ્ય પ્રવૃતિથી અલિપ્ત રહી, મૌનવ્રતનું પાલન કરીને ચિંતન-અધ્યયનમાં મગ્ન રહે છે. નેકનિષ્ઠા સભર આ બાળ બ્રહ્મચારી મહાત્માનું ચારિત્ર વિશુધ્ધ અને નિર્મળ છે. તેઓ ૧૫ સાધુઓનું શિષ્ય વૃંદ ધરાવે છે. જેમાં પણ બાળ દિક્ષીતોની સંખ્યા નોંધપાત્ર છે.

દીક્ષા પર્યાયની સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે તેઓના માર્ગદર્શન મુજબ ૪૫ જૈન આગમ (ધર્મશાસ્ત્ર) ઉપરાંત અનેક ધર્મગ્રંથોની સાંગાનેરી કાગળ પર સાતસો વર્ષ ટકે એવી શાહીથી અનેક કાગળ પર હસ્તલિખિત પ્રતો તૈયાર કરવામાં આવી છે તેની શ્રુત સન્માન યાત્રા મહાનગર મુંબઇના ૫૧ પરાં વિસ્તારોમાં દરરોજ યોજી હતી. દીક્ષાના ૫૧માં વર્ષ પ્રવેશના સંદર્ભે ૫૧ સંઘોમાં શ્રુત સન્માન યાત્રાએ પદાર્પણ કર્યુ હતુ.

મુંબઇ માટે હવે યોજાનારી શ્રુત મહાપુજા એ એક અભુતપૂર્વ ઘટના હશે. શ્રુત એટલે કે જૈનશાસ્ત્રો ! શ્રુતના આજીવન અનન્ય ઉપાસક એવા જૈનાચાર્યના સંયમ સુવર્ણ ઉત્સવ આવા શ્રુત મહાપુજાના શ્રેષ્ઠ આયોજન દ્વારા થાય તે સદા - સર્વદા - સર્વથા ઉચિત જ ગણાય શ્રુત એ જિનેશ્વર ભગવાનની દેશનાની દેણગી છે. શ્રુત એ જ જિનશાસની આધાર શિલા છે. શ્રુત ભકિત એટલે જ આત્માની મુકિત માટેનું અમોઘ માધ્યમ છે.

**- ભૂધરભાઇ વોરા**

*With Best Wishes*

**Kinjal Electronics**

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari - 396445
Tele : (02637) 241321 Fax : (02637) 252 931



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સૌરભ

**આ.શ્રી કૈલાસ સાગરસૂરિ જ્ઞાન મંદિર - કોબા :** આચાર્યશ્રી કૈલાસ સાગરસૂરિ જ્ઞાન મંદિર ૨,૫૦,૦૦૦ હસ્તલિખિત ગ્રંથ તથા ૧,૫૦,૦૦૦ મુદ્રિત ગ્રંથોથી પરિપૂર્ણ તથા કોમ્પ્યૂટર જેવી અતિ આધુનિક ટેકનીકોથી યુક્ત એક વિશાળ જ્ઞાન ભંડાર છે. અહિંયા લગભગ પચાસથી વધુ સામયિકો નિયમિત રીતે આવે છે. આ જ્ઞાનમંદિર છેલ્લા બાર વર્ષથી પ.પૂ. સાધુ - સાધ્વીજી ભગવંત તથા અન્ય વિશિષ્ટ વાચકોની ગ્રંથ સંબંધી આવશ્યકતાઓ નિ:શુલ્ક પુરી કરે છે. અનેક સાધુ ભગવંત તથા જૈન વિદ્યાના ક્ષેત્રમાં કાર્ય કરી રહેલા વિશિષ્ટ વિદ્વાનો અહિંયાથી મુદ્રિત પુસ્તકો તથા હસ્તલિખિત સામગ્રીની ઝેરોક્ષ મેળવીને અધ્યયન, સંશોધન, ગ્રંથ-લેખન, અનુવાદ આદિ વિશિષ્ટ પરિયોજનાઓ પર કાર્ય કરી રહ્યાં છે. માત્ર ગુજરાત જ નહિ પરંતુ સમગ્ર દેશ તથા આંતરરાષ્ટ્રીય સ્તરના લગભગ ૯૦૦ વાચકો નિયમિત રૂપે આ સંસ્થા સાથે સંકળાયેલા છે.

**શ્રી આત્માનંદ જૈન સભા - મુંબઈ :** પૂ.આ.શ્રી નિત્યોદયસાગરસૂરિજી મ.સા. આદિ પૂ.આચાર્ય ભગવંતો તથા મુનિ ભગવંતોની શુભ નિશ્રામાં પંજાબ કેસરી યુગવીર જૈનાચાર્ય શ્રીમંદ્ વિજયવલ્લભસૂરિશ્વરજી મ.સા.ના ૫૧માં સ્વર્ગારોહણ મહોત્સવ તા.૨૫ થી ૨૯ સપ્ટેમ્બર દરમ્યાન શાસન પ્રભાવનાપૂર્વક મુંબઈ ખાતે ઉજવાયેલ.

**અમદાવાદ - શાંતિનગર :** પૂ.આ.શ્રી રત્નાકરસૂરિજી મ.સા. આદિ ગુરૂ ભગવંતોની શુભ નિશ્રામાં અહિંના શાંતિનગર જૈન સંઘમાં પ્રથમવાર પાઠશાળાના બાળકો દ્વારા ગત તા.૨૩-૧૦-૦૫ ના રોજ સુંદર વરઘોડાનું તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવેલ જેના મુખ્ય લાભાર્થી શ્રીમાન દેવીચંદજી સરદારમલજી કટારીયા સંઘવી પરિવાર - ઝાલ (રાજ.) હતા.

**૧૦૦ વર્ષનો સાહિત્ય સંગ્રહ :** જૈન પ્રકાશન દ્વારા જૈન ધર્મ-સમાજની એકસો વર્ષથી અનેક પ્રકારની સાહિત્યની અદ્ભૂત સેવા - જૈન પત્ર દ્વારા બજાવેલ. અનેક સંસ્થાઓ, તીર્થરક્ષા, કેળવણી ક્ષેત્રે વિદ્યાલયો કે સાહિત્ય પ્રકાશનો કે તેના સર્જકોને બહાર લાવવામાં આગત્યનો ફાળો બજાવેલ જૈન પત્રની ફાઇલો તથા અન્ય નાના - મોટા ગ્રંથો પુસ્તકો - પુસ્તિકાઓનો ૧૨,૦૦૦થી વધુનો અમૂલ્ય સંગ્રહ સંપર્ક સ્થળ : મહેન્દ્ર ગુલાબચંદ શેઠ, જૈન પ્રકાશન, ૫ અર્જુન સ્મૃતિ, ડી.એન.સી. રોડ, ડોમ્બીવલી (ઇસ્ટ) ૪૨૧૨૦૧ ફોન : ૦૨૫૧-૨૮૮૧૭૫૪

**પુસ્તક ભેટ મેળવો :** ડો.નેમીચંદ જૈન લિખીત માંસાહાર તથ્યે તથા અંડવા વિષયીચી ૧૦૦ તથ્યે નામના બે ગુજરાતી પુસ્તકોની ૨૫-૨૫ હજાર નકલો પ્રગટ થઇ ચુકી છે. બંને પુસ્તકો નીચેના સરનામેથી રૂબરૂ અથવા પોસ્ટકાર્ડ લખવાથી ભેટ મળી શકશે. સરનામું : જે.કે. સંઘવી, કલ્પતરૂ જવેલર્સ, ૩૦૫ સ્ટેશન રોડ, સંઘવી ભવન, કૌપેનેશ્વર મંદિરની સામે, થાણા - વેસ્ટ - ૪૦૦૬૦૧. (મહારાષ્ટ્ર)

**૨૭ પુસ્તકોની વિમોચન વિધિ :** સિંદ્ધહસ્ત સાહિત્ય સર્જક પૂ.આ.શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મ.સા. રચિત કુલ ૨૭ નવા પુસ્તકોની વિમોચન વિધિ ગત તા.૨૭ મે ના રોજ સી.પી. ટેન્ક રોડ ખાતે માધવબાગ મેદાન પર કરવામાં આવેલ. કોઇ એક જ લેખકના ૨૭ પુસ્તકોનું પ્રકાશન એક જ દિવસે થાય તે ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં એક વિરલ ઘટના બની.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રુત મહાપૂજાનું અભૂતપૂર્વ આયોજન :** મુંબઇ - ભૂલેશ્વરમાં આવેલા શેઠ મોતીશા લાલબાગ જૈન સંઘના ઉપક્રમે ગત તા.૧૧ થી ૧૫ મે, પાંચ દિવસ સુધી ગોવાળીયા ટેન્ક વિસ્તારના ઓગષ્ટ ક્રાંતિ મેદાન પર એક શ્રુત મહાપુજાનું અભુતપૂર્વ આયોજન કરવામાં આવેલ.

**ડો.કુમારપાળ દેસાઈને સુવર્ણ ચંદ્રક :** ડો.શ્રી કુમારપાળ દેસાઇને એમના મધ્યકાલીન સાહિત્ય પ્રદાન બદલ મુંબઇની વિશ્વ કલાગુર્જરી ફેડરેશને ૮ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સુવર્ણ ચંદ્રક આપવાનું નક્કી કર્યું છે. તેઓને આ સુવર્ણચંદ્રક મુંબઇમાં યોજનારા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનની પૂર્વ સંધ્યાએ જાણીતા સાહિત્યકારોની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવશે.

**શ્રી શત્રુંજય તીર્થધામ ભુવનભાનુ માનસ મંદિરમ્ : શાહપુર:** પૂ.આ.શ્રી હેમરત્નસુરીશ્વજી મ.સા. આદિ ગુરૂ ભગવંતોની શુભનિશ્રામાં અત્રે પર્યુષણ પર્વની ધર્મ આરાધના શાસન પ્રભાવના પૂર્વક સંપન્ન થઇ હતી. હાલ શાશ્વતી ઓળીની આરાધના પણ સંપન્ન થઇ હતી. ક્ષેત્રપાલ દાદાનો હોમ, શિશુ સંસ્કરણ શિબીર, ઉપધાન તપ આરાધના, યુવા ઉત્કર્ષ શિબીર આદિના શાસન પ્રભાવક કાર્યક્રમોના આયોજન ચાલી રહ્યાં છે.

## : શોકાંજલિ :

આપણી સભાના સભ્યશ્રી ચંદ્રકાંતભાઇ શાંતિલાલ શાહ (પુરૂષોત્તમભાઇ ગીગાભાઇ બુકસેલર પરિવાર) ગત તા.૬-૯-૦૫ ના રોજ ભાવનગર ખાતે દુઃખદ અવસાન પામેલ છે.

તેઓશ્રી આ સભાના આજીવન સભ્યશ્રી હતા. સભા પ્રત્યે અત્યંત લાગણી તથા મમતા ધરાવતા હતા. સભા ઉપરાંત અન્ય સંસ્થાઓ સાથે પણ તેઓ સંકળાયેલા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર.*

## : શોકાંજલિ :

આપણી સભાના સભ્યશ્રી કંચનબેન ખીમચંદ શાહનું દુઃખદ અવસાન થયેલ છે. તેઓશ્રી સભાના આજીવન સભ્ય હતા. તેમજ આ સભા પ્રત્યે અત્યંત લાગણી અને મમતા ધરાવતા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના પરિવાર પર આવી પડેલ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતશ્રીના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર.*

## : શોકાંજલિ :

આપણી સભાના સભ્યશ્રી ધીરજલાલ ભુદરદાસ વોરા (ઉ.વ.૭૬) નું ગત તા.૧૯-૧૦-૨૦૦૫ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓશ્રી સભાના આજીવન સભ્ય હતા. સભા પ્રત્યે અત્યંત લાગણી અને મમતા ધરાવતા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના પરિવાર પર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતશ્રીના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર.*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દેવદ્રવ્યનો સદુપયોગ જ કરાય

પોતાનું નામ નહી જણાવવાની, પ્રાર્થના પૂર્વક એક ધર્મપ્રેમી ભાઇ જણાવે છે કે, ''કરકસર વગેરના પગલારુપે ઓપન ગ્રાઉન્ડમાં ઠાઠમાઠથી લગન, એ.સી. હોલમાં સગાઇવિધિનો ભપકો, પસલીની જૂની પ્રથાના સ્થાને વોટર રિસોર્ટમાં બેનને રાજી રાખવાની નવી પ્રથામાં વધારાનો ધનવ્યય મિસ..................મિસેસ................... વગેરેની હરિફાઇ દ્વારા બેન-દિકરી-પુત્રવધૂના છૂપાવવા જેવા રુપને પ્રદર્શનમાં લાવવાની ચેષ્ટા, કીટી પાર્ટી વગેરેમાં બિનજરુરી ખર્ચ બંધ કરવા જેવા છે'' ઇતિ ભાઇ. ઘૃતની બોલી - સ્વપ્ન બોલી આદિ દેવદ્રવ્ય છે જ. એનો ઉપયોગ શાસ્ત્રાનુસારી મંદિર જિર્ણોદ્ધારાદિમાં જ કરાય. હોસ્પિટલાદિમાં ન જ કરાય. દેવદ્રવ્યનું સંરક્ષણ - સદુપયોગ તીર્થંકરનામ કર્મ ઉપાર્જનનું કારણ બને છે તો દુરુપયોગ અનંત સંસારીપણુ લાવી આપે છે. દેવદ્રવ્યની બોલી સાથે હોસ્પિટલાદિના ખર્ચને કોઇપણ રીતે જોડવો એ અનિચ્છનિય છે. આત્મગુણ ઘાતક છે ઇતિ શુભમ્

- આચાર્યશ્રી વિજય જગચ્ચંદ્રસૂરિજી -

પં.ભુવનસુંદરવિજયજી - પં.ગુણસુંદરવિજયજી. દિનેશભવન, વૈદ્યમાર્ગ, ઘાટકોપર પૂર્વ, મુંબઇ- ૪૦૦૦૭૭. ફોન : ૨૫૧૫૪૩૦૩.

# અહિંસા પરમો ધર્મ

જૈન ધર્મનો રંગ શું કરી શકે છે તેનો દાખલો ક્રાઇમ બ્રાન્ચમાં અને દરિયાપુર પોલીસસ્ટેશનમાં પી.આઇ. તરીકે સેવા આપનાર શ્રી વખતસિંહ વડારે જણાવેલ ત્યારે હાજર લોકોના હૈયા ઉમંગથી નાચી ઉઠયા હતા. તેમના જ શબ્દો :

હું બંદુકની અણી સિવાય કોઇ કામ કરતો ન હતો પણ જયારે નવરંગપુરાની એક સોસાયટીમાં રહેવા ગયો ત્યાં આડોશ-પાડોશમાં જૈન સમાજના સભ્યો રહેતા હતા. તેમની જીવનશૈલી, જીવન જીવવાની ધાર્મિક પ્રવૃત્તિ, ક્રિયાકાંડ વગેરે જોઇને મને પણ જૈન વિચાર ધારા જાણવાનો વિચાર થયો તે જાણી તેમાં મને અહિંસા જીવમાત્રમાં તેને જીવવાની અપેક્ષા હોય છે. આવી અહિંસાની ભાવનાએ મારું હૃદય પરિવર્તન કર્યુ, આજે તે પ્રયોગ દ્વારા કોમ-કોમ વચ્ચેના ઝઘડા મિટાવી શકયો છું અને અમદાવાદમાં શાંતિ માટે મારા પ્રયાસો આજે પણ આજ પ્રયોગથી જાળવી રાખી હું મારી જાતને ધન્ય અનુભવું છું. તેનું કારણ ફકત જૈન સમાજની અહિંસા પદ્ધતિને બિરદાવું છું. આવો વિચાર દેશ-પરદેશમાં જાગશે ત્યારે વિશ્વમૈત્રી દિવસ સાચો ઉજવાયો ગણાશે. એવી અભ્યર્થના સાથે મારા વિચારો - આચારો બધે પ્રગટે તેવી માનવ જીવ સૃષ્ટિને પ્રાર્થના કરું છું અને આના કારણે સમાજમાં મને ૪૬૧ થી વધુ સન્માનપત્રો અને પુરસ્કારો મળ્યા છે.

(ધર્મધારા માસીકમાંથી સાભાર)

**પાના ૨૨નું અનુસંધાન....**

**પાણી પીવાથી થતાં....**

આદિ ભાવરોગોથી બચાવનારો બની શકે છે. પથદર્શક સાચો પથ બતાવે તે પછી પણ એ પથ પર ચાલવાનું કામ તો પથિકે જ કરવું પડે છે.

પં.ભુવનસુંદર વિજયજી ગણી

પં.ગુણસુંદરવિજયજી ગણી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દિકરો જમને દેવાય પણ જતિને નહી !

એક જુવાન. અઢાર વર્ષની ઉંમરનો ગંભીર રોગમાં પટકાયો. ગુરુદેવને નિર્યામણા માટે વિનંતી કરાઇ અને તેઓશ્રી તે માટે પધાર્યા. ગુરુદેવને અત્યંત ભારપૂર્વક વંદન કરીને તે યુવાને કહ્યું, 'ભગવંત ! આપના પુસ્તકો મેં વાંચ્યા છે, ચારિત્રનો મહિમા સમજાયો છે. જીવનની સાર્થકતા એના સિવાય નથી. મને એટલું જ દુઃખ છે કે, ચારિત્ર લઇ ન શકયો. આપ મારી સ્થિતિ જુઓ છો. અત્યારે સર્વવિરતિ લઇ શકું, એવી કોઇ મારી સ્થિતિ નથી, પણ આપ મને એક અભિગ્રહ આપો કે જો આમાંથી ઉભો થાઉં તો ચારિત્ર લેવું.' એની શુભ ભાવના જોઈ ગુરુદેવે અભિગ્રહ આપવાનો ચાલુ કર્યો ત્યાં જ એના બાપે ગુરુદેવને હાથ જોડીને વિનંતી કરી કે 'નહિ, મહારાજ સાહેબ ! એ નહિ, બીજું બધું બરાબર, પણ આ દીક્ષા-બીક્ષાનો અભિગ્રહ નહિ આપતા.' ગુરુદેવશ્રીએ એને સમજાવતાં કહ્યું કે 'હવે એની જીવવાની કોઇ આશા નથી. આ તો સાજો-નરવો થાય તો વાત છે અને બાર કલાકથી વધારે નથી, એમ ડોકટરે કહ્યાનું તમે જ મને કહી ગયા છો. અત્યારે એને દીક્ષાના મનોરથ થયા છે, તો એ માટેનો અભિગ્રહ આપવામાં વાંધો શું ?'

પણ એના બાપે તો એક જ જીદ પકડી કે, 'ના, એ તો નહિ જ બને !' ગુરુદેવે પુછયું કે 'શું તમે એની છેલ્લે છેલ્લી ભાવના પણ પૂરી નહિ થવા દો ?' 'એની બીજી જે ભાવના હોય તે પુરી કરું, પણ આ તો નહિ જ.' આ પરિસ્થિતિમાં મૃત્યુશય્યામાં પડેલો દીકરો ગુરુદેવને કરગરતો રહ્યો, પણ એના બાપે એને નિયમ ન લેવા દીધો તે ન જ લેવા દીધો. છેવટે ગુરુદેવે છોકરાને કહ્યું, 'તારા બાપા તને આ નિયમ મને નહિ આપવા દે, પરંતુ તું તારા મનથી લઇ લે. તારું જરુર કલ્યાણ થશે' અને દીકરાએ પુજય ગુરુજીની હાજરીમાં જ મનોમન નિયમ લીધો અને આંખના ઇશારે ખ્યાલ આપ્યો. ગુરુદેવે એના માથા ઉપર કરુણાભીનો હાથ મુકયો અને છેલ્લી નિર્યામણા કરાવી તેઓશ્રી એની રુમમાંથી નીકળ્યા અને હજી એ મકાનનાં પગથિયાં ઉતરે તે પહેલા જ સમાચાર મળ્યા કે તેણે પોતાનો દેહ છોડી દીધો. મમતામાં અંધ બનેલા મા-બાપ સંતાનોનું કેવું કારમું અહિત કરે છે? તેનો આ સ્પષ્ટ નમૂનો છે.

– લે.આ.શ્રી વિજયકીર્તીયશસુરિજી મ.

# પાણી પીવાથી થતાં રોગોથી બચવાનો ઉપાય

આધુનિક વિજ્ઞાન-જીવ શાસ્ત્રીના મતે પાણી પીવાથી થતાં અનેક રોગોને નાથવામાં પિત્તળના વાસણમાં સંગૃહિત કરાયેલ પાણીનું સેવન સહાયક બને છે. પિત્તળના વાસણમાં રાખવામાં આવેલું પાણી પીવાથી અનેક બિમારીઓથી રક્ષણ મેળવી શકાય છે. (આધુનિક એક વૈજ્ઞાનિકનું કથન પ્રગટ થયું તા.૧૨-૪-૨૦૦૫)

સામાન્ય રીતે લોખંડને હલકી ધાતુ તરીકે સ્વીકારવામાં આવે છે. વર્તમાનમાં દેવમંદિરો, ધર્મસ્થાનકો, જિનાલય, ઉપાશ્રયો, સ્થાનકો અને શ્રીમંતો સુધીના ઘરમાં ઘુસી ગયેલા સ્ટીલના વાસણોને આ વાચનથી જાકારો મળશે ખરો ?

પાણી ગાળેલું જ પીવાની અને શકય હોય તો ત્રણ ઉકાળાથી ઉકળેલ પીવાની વાત પણ જગતના સર્વ પદાર્થોને દેખનાર અને જાણકાર અજોડ વૈજ્ઞાનિક પરમાત્માએ કરેલી જ છે. એનો પણ અમલ પાણીના સેવનથી થતાં અનેક દ્રવ્ય રોગો અને દુર્ગતિગમન

(અનુસંધાન પાના નં.૨૧ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવદયા - વૈયાવચ્ચ - તીર્થરક્ષા

નગીનભાઈ જગજીવનભાઈ કપાસી, વડોદરા. ફોન : ૨૪૩૪૧૪૩

જીવદયા સબંધી અગાઉ મારા લેખોમાં લખાઇ ગયું છે. હળહળતા કળીયુગ અને વિપરીત સમયમાં સૌ અનેક વિડંબના અને ભોગવલિ કર્મ થકી યાતના સહન કરી રહ્યા હોય છે ત્યારે જો કોઇ બચાવ હોય તો તે જીવદયા થકી પૂન્ય પેદા કરવાનો છે.

માટે જ જ્ઞાની ભગવંતો કહે છે જીવદયા પાળી નથી તો ક્યાંથી સુખ મળે !

તમે એક બળદ (શાસ્વતા તીર્થના અધિપતીનું લાંછન) થી ચાલતા ખુલ્લા લાંબા પાટીયા ઉપર ગુણોની થપ્પી જોઇ હશે, મહા મુશ્કેલીએ ચાલતા બળદની આંખમાંથી વહેતી આંસુડાની ધારા જોઇ છે ? તે વખતે ગાડી થોભાવી કરુણા દર્શાવી છે ? પૂર્વના પૂન્ય બળે જેમની પાસે અઢળક સંપત્તી છે તેઓ આવા પ્રકારની મજુરી કરતા ભાઇને રોજીનું કરી આપવાની દરકાર કરે તો કેટલી જીવદયાનું પૂન્ય મળે ? હવે તો આવા પ્રકારની મજુરી કરતા ભાઇઓની સંખ્યા જુજ હશે.

આવું જ ચાતુર્માસ શરુ થતાં બળદ ગાડા, ઊંટ ગાડીઓની અસંખ્ય પ્રમાણમાં મોટા મોટા વરઘોડા માટે હરીફાઇ શરુ થાય છે, દાંડીયા રાસ અને બેન્ડ વાજા સાથે નૃત્યના આનંદ વચ્ચે સમયનું ધ્યાન રહેતું નથી. અને અબોલ જીવ બેન્ડના અવાજથી ત્રાસી જાય છે. તેમને મોં મીઠું કરાવવાની દરકાર કરવામાં આવે છે ? તેમને ઉપવાસ સાથે સબંધ હોતો નથી. પણ કોને કહે ?

પર્વાધિરાજ પૂર્ણ થતાં આ પ્રક્રિયા રથમાં બેસવા માટે મોટા પાયે ઘી બોલી શરુ થાય છે ત્યારે પણ સ્વામીવાત્સલ્યના ઉમંગમાં અબોલ પશુનું ધ્યાન રહેતું નથી. સ્વામી વાત્સલ્ય કેવું ! જોડા પહેરી ઉભા ઉભા થાળી લંબાવી વાપરવાના ઘીની બોલી મોટા પાયે, ક્યારેક બીજા ચાર્તુમાસ સુધી ભરવાનું ભુલી જવાય છે.

અવશ્ય, વરઘોડા પરંપરાથી ચાલ્યા આવે છે જીવદયા પ્રેમી મહારાજા કુમારપાળ મોટા વરઘોડાનું આયોજન કરતા પણ તેમની જીવદયાની અનુમોદના કરવી જોઇએ. તેઓના રાજયના તબેલામાં અલમસ્ત ઘોડાઓને અને ગૌશાળામાં ગાય માતાને ગાળીને પાણી અપાતું તે સુવિદિત હશે.

પરમાત્મા પાર્શ્વપ્રભુના સમયમાં જૈનેતર તરફથી થતાં યજ્ઞમાં ત્યાંથી વિચરતા પ્રભુએ યજ્ઞના સળગી રહેલા કાષ્ટમાં સર્પનું જોડુ જોઇ, થોભી યજ્ઞ કરનાર સાથે વિવાદ કરી સત્ય બતાવ્યું અને પોતાના મુખ કમળથી મહામંગલકારી શ્રી નવકાર મંત્રના સ્મરણ માત્રથી તુરંત જ દેવલોકમાં ઉત્પન્ન થયા. જીવદયા થકી પુન્ય પેદા થાય છે અને જીવહિંસાથી કર્મના બંધ બંધાય છે. જે આ ભવે પણ પીછો છોડતા નથી તેની સત્ય ઘટનાત્મક વિગત શિરોહીથી પ્રકાશીત થયેલ સુશીલ સંદેશના તા.૧-૬-૧૯૯૮ ના અંકમાં પ્રગટ થયેલ છે.

દરેક પરમાત્માનું જીવદયાનું પૂન્ય સરખુ હોય છે. પણ પાર્શ્વપ્રભુના આ પૂન્યથી તેઓ પુરુષાદાનીય કહેવાયા. નાગ-દેવતા કહેવાય છે. તે પૂજાય છે, પ્રભુએ તે મહાન પૂન્ય ઉપાર્જન કર્યુ. કળીયુગમાં - જીવદયા, ધર્મ અને પ્રભુની ભક્તિ કરનારના તેઓ મનોરથ પૂર્ણ કરે છે તે આપણે પ્રભુના તીર્થ સ્થાને જોઈ રહ્યા છીએ.

પ્રભુ મહાવીર જયારે મહા ભયંકર જંગલમાં વિચરતા ધ્યાનસ્થ મુદ્રામાં હતા ત્યારે પૂર્વ ભવના વેરભાવથી સર્પ બનેલા ચંડકૌશિકે પ્રભુને અંગુઠે ડંસ દીધો, અંગુઠાથી દુધની ધારા ચાલી અને પ્રભુએ ચંડકૌશિકનો ઉદ્ધાર કર્યો. કેટલી કરુણા અને દયા આ પણ સર્પ પ્રભુના જીવદયાના આ પૂન્ય પ્રભાવે અત્યારે તેમની પાટ પરંપરાનું શાસન ચલાવી રહ્યાં છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુધનું દાન કોણે આપ્યું ? એક જનની જેના દુધથી બાળકનો ઉછેર થયો દીકરો કે દીકરીનો ભેદભાવ તેને હોતો નથી. બીજુ મહાવીર પ્રભુના અંગુઠે જે દુધની ધારા ચાલી અને જે કરુણા વરસી તેનાથી હૃદય પરિવર્તન થયું.

વહુ થઇને આવનાર દીકરીને લક્ષ્મી પગલા કરાવાય છે અને ચેકઅપમાં દીકરી જણાય તો ભ્રુણહત્યા (ગર્ભપાત) કરાવાય છે, યાદ રહે આ મોટામાં મોટું પાપ અને જીવદયાની હીંસાનું કૃત્ય છે. તેનાથી મહા પાપનો ઉદય બંધાય છે, અને જેને તમે લક્ષ્મી તરીકે આવકારેલ છે. તે લક્ષ્મી પગ કરી જાય છે,ખબર છે ! એક સત્ય હકીકત છે, એક સુખી ખાનદાન ધર્મપ્રેમી દંપતીને ત્યાં દીકરીનો જન્મ થયો એક ગાડી, વસાવી, બીજી દીકરીનો જન્મ થયો બે ગાડી વસાવી, ત્રીજી દીકરીનો જન્મ થયો ત્રણ ગાડી વસાવી, કુલ છ ગાડી પોતે પાંચ સમય જતાં દીકરીઓને એક પછી પરણાવી જે રીતે ગાડી-સંપતી આવેલા તે ધીરેધીરે જતા રહ્યાં અને દીકરીઓ જયાં ગયેલી ત્યાં અખૂટ સંપતી આવી. સમજવા જેવું છે તેમણે ઉપર જણાવ્યું તે પગલું નથી ભર્યું ધન્ય છે તેમને છતાં સંપતી જતી રહી તો જો ગર્ભપાત કરાવ્યો હોત તો કેટલા કર્મ બંધાત ? કર્મ તો બંધાય પણ જીવન પર્યંત સુખી ન થાય. શ્રી દેવ ગુરુ ધર્મમાં માનનાર પ્રભુ મહાવીરનો સેવક આવું કૃત્ય કદિ ન કરાવે. યાદ રહે જન્મદાતા પણ સ્ત્રી છે, અને સ્ત્રી મા બને છે - જનની જોડ સખી નહી જડે રે લોલ.

બાદશાહ અકબરે જૈન ગુરુ ભગવંતના ઉપદેશથી કતલખાના બંધ રખાવેલા પોતે જે ચકલાની જીભનો નાસ્તામાં ઉપયોગ કરતા તે બંધ કરાવ્યું. કેટલી ગુરુભગવંતની જીવદયાની કરુણા.

આવી જ તાકાત આપણા ગુરુ ભગવંતો ધરાવે છે અને તેથી જ શાસન જયવંતુ વર્તે છે. (સાથોસાથ શાસન રક્ષક દેવશ્રી માણિભદ્રજીની સહાય હોય જ છે)

ઘણું બધુ લખી શકાય પણ એક લેખમાં જેટલું પીરસી શકાય તેટલું પીરસ્યુ છે તેનાથી સૌ તેનો સ્વાદ ગ્રહણ કરે તો મારો પ્રયત્ન સફળ માનીશ અને મારા ઉપર અમીદ્રષ્ટિ ભરી કૃપા અને તમારી દુઆ સમજીશ જે મહાન છે.

અબોલ જીવની સાથોસાથ નાના બાળકો અને વડીલોની ઉપેક્ષા ન થવી જોઇએ.

બાળક હાલના અભ્યાસ માટે વાંસે દફતર ભરાવી બેવડ વળી જાય છે તે સ્થિતિ જોઇ હશે ! વડીલોને પણ સવાર-બપોર-સાંજ સાચવવાની એટલી જ અગત્યતા હોય છે. જયાં જીવદયા અને આ પરંપરા જળવાઇ રહી છે ત્યાં સદા આનંદ મંગલ વર્તે છે અને આવેલી લક્ષ્મી ટકી રહે છે અને આ બધુ પૂન્યાની બંધી પૂન્ય પેદા કરવાથી શકય બને છે. લેખમાં જિનાજ્ઞા વિરુધ્ધ કંઇ જ કહેવાયું હોય કે જાણતા અજાણતા દોષ થયો હોય તો અતિ વિનમ્ર ભાવે મિચ્છામી દુક્કડમ.

## ડો.શ્રી રમણિકલાલ જે. મહેતાના ૯૧માં જન્મદિન પ્રસંગે હાર્દિક શુભેચ્છા

ભાવનગર નિવાસી ડો.શ્રી રમણિકલાલ જે. મહેતાના તા.૧૦-૧૦-૨૦૦૫ ના રોજ ૯૧માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

ડો.સાહેબશ્રી દ્વારા આપણી આ સભાના સાહિત્ય સુરક્ષા અને જ્ઞાન સેવાના અનુમોદનીય વિકાસમાં જે આર્થિક સહયોગ મળતો રહ્યો છે. જેની આ સભા ભૂરિ-ભરિ અનુમોદના કરે છે.

ડો.સાહેબશ્રીના કરકમલો દ્વારા મુંબઇ તેમજ ભાવનગર ખાતેની ધાર્મિક અને સામાજીક સંસ્થાઓના વિકાસલક્ષી કાર્યોમાં જે દાનનો અમૂલ્ય પ્રવાહ અવિરત પણે વહી રહ્યો છે. ત્યારે તેઓશ્રીના આ સદ્કાર્યોને ભાવનગરના ભામાશાહના ઉપનામથી નવાજીએ તો તેમાં અતિશ્યોક્તિ નહિ ગણાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ઉપક્રમે
# સંસ્કૃત પારિતોષિક તથા શિષ્યવૃત્તિ એનાયત સમારોહ યોજાયો



શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના ઉપક્રમે તા.૧૩-૧૧-૦૫ને રવિવારના રોજ પ્રતિવર્ષ યોજાતા સંસ્કૃત વિષયક ઈનામ તથા શૈક્ષણિક સહાય એનાયત કરવાના એક સમારંભનું આયોજન કરવામાં આવેલું.

કાર્યક્રમમાં ધો. ૧૦ અને ધો. ૧૨ના સંસ્કૃત વિષયમાં અનુક્રમે ૮૦ તથા ૭૦ માર્કસ મેળવનારા ૫૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોને મોમેન્ટો, અભિનંદન પત્ર તથા રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. તેમજ કોલેજમાં અભ્યાસ કરતા ૪૮ વિદ્યાર્થી ભાઈ - બહેનોને ગાંધી મહેન્દ્ર ચત્રભુજ એજ્યુકેશનલ ટ્રસ્ટ - ઘાટકોપર-મુંબઈ તરફથી શૈક્ષણિક સહાયના રોકડ રકમના કવર એનાયત કરવામાં આવેલ.

સભાના ટ્રસ્ટી વર્યો જસુભાઈ ગાંધી, પ્રમોદભાઈ શાહ, દિવ્યકાંતભાઈ સલોત, ભાસ્કરભાઈ વકીલ, મનહરભાઈ મહેતા, મનહરભાઈ ભંભા, હસમુખભાઈ શાહ, કારોબારીના સભ્ય નિરંજનભાઈ સંઘવી, નવનીભાઈ કામદાર, હર્ષદભાઈ સલોત, ચીમનભાઈ શાહ, કીર્તિભાઈ શાહ તથા હર્ષદભાઈ શાહના વરદ હસ્તે ઈનામો એનાયત કરવામાં આવેલ.

આ સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી જૈન સાહિત્યના પ્રચાર-પ્રસારનું કાર્ય કરતી આવી છે. જેનો પરિચય સંસ્થાના પ્રમુખ જસુભાઈ ગાંધીએ આપેલ. સંસ્કૃત ભાષાની વિશિષ્ટતાઓ અંગેના પ્રાસંગિક પ્રવચનો ભાસ્કરભાઈ વકીલ તથા જાણિતા તત્વચિંતક કુ. ડૉ. પ્રફુલાબેન વોરાએ આપેલ.

આ સમારંભમાં વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમના વાલીઓ સહિત સારી એવી સંખ્યામાં પધાર્યા હતાં.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ ભાસ્કરભાઈ વકીલે કરેલ. આવકાર પ્રવચન મનહરભાઈ મહેતાએ તથા આભારવિધિ દિવ્યકાંતભાઈ (વકીલ) સલોતે કરેલ.

For Private And Personal Use Only

નવેમ્બર - ૨૦૦૫ ❑ RNI No. GUJGUJ/2000/4488

**वीरोऽस्ति युद्धभूमीजिद् वीरः सिंहाभिभावकः ।**
**स तु वीरोऽस्ति वीराणां यो महाशय आत्मजित् ॥**

卐

યુદ્ધભૂમિને જીતનાર વીર છે, સિંહને પરાસ્ત કરનાર વીર છે, પણ પોતાની જાત પર જે જીત મેળવે છે તે વીરોનો વીર છે. જે આત્મજિત્ છે તે મહાવીર છે.

卐

A conqueror of battle - fields and a vanquisher of lions are, no doubt, heroes, but the hero of heroes is he who gains victory over his self.

*(કલ્યાણભારતી ચેપ્ટર - ૪, ગાથા : ૧૨, પૃષ્ઠ - ૫૬)*

卐

BOOK-PACKET CONTAINING PERIODICAL

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

**તંત્રી :** શ્રી જસવંતરાય સી. ગાંધી
**મુદ્રક અને પ્રકાશક :** શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી જસવંતરાય સી. ગાંધીએ ઘનશ્યામ ઓફસેટ, નિલકંઠ મહાદેવ મંદીર સામે, ભગાતળાવ, ભાવનગર-૩૬૪ ૦૦૧ માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.